**આજનો સુવિચાર**

ઉત્પન્ન અને નષ્ટ થનારી વસ્તુને લીધે પોતાને મોટો અથવા નાનો માનવો એ ઘણી મોટી ભૂલ છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૧૩ જૂનાગઢ તા. ૧૦-૧૨-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## ન્યૂયોર્કમાં ફરી એકવાર માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું

ન્યૂયોર્ક સિટી,તા.૧૦

કમ્યુનિટી સ્પ્રેડની વધતી જતી સંખ્યાથી હવે કોવિડ-૧૯ના કેસ અને હોસ્પિટલમાં દાખલ થવાના કેસો વધવાના કારણે માસ્ક અને વાયરસને કાબૂમાં લેવા માટેના અન્ય પગલાં માટેનાં પગલા લેવાય રહયા છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રોએ ચેતવણી આપી હતી જેથી કેટલાય મોટા શહેરોમાં હવે માસ્ક ફરજિયાત કરવાની વિચારણા ચાલી રહી છે. કોવિડ સ્પ્રેડને જોતા ન્યૂયોર્કમાં ફરી એક વાર દરેક જગ્યાએ, ઈન્ડોર, ઓફિસ, લોબી, ઈવેન્ટ, જાહેર સ્થળો, સ્કૂલ, જાહેર જગ્યાઓએ માસ્ક પહેરવું જરૂરી છે, આ ઉપરાંત ભીડભાડવાળી જગ્યા પર પણ માસ્ક પહેરવાનું જણાવ્યું છે. આ ઉપરાંત ટ્રાવેલિંગ કરતી વખતે પણ માસ્ક પહેરવું જરૂરી છે.

જો આપ કોવિડ પોઝિટિવ છો, તો આપે હાઈ ક્વાલિટીવાળા માસ્ક પહેરવાની પણ સલાહ આપી છે. એક એજન્સીના જણાવ્યા મુજબ, ૧૩.૭% અમેરિકનો હવે એવા કમ્યુનિટીમાં રહે છે જે હવે હાઈ COVID-19 કમ્યુનિટી સ્તર ઉપર રેટિંગ ધરાવે છે, જે ગયા અઠવાડિયે વસ્તીના ૪.૯% થી વધુ છે. વધારાના ૩૮.૧% અમેરિકનો મીડિયમ વિસ્તારોમાં છે જયારે ૪૮.૨% નોર્મલ વિસ્તારોમાં છે.

## રાજસ્થાનમાં પાક રેન્જર્સના ફાયરિંગનો બીએસએફએ જડબાતોડ જવાબ આપ્યો

શ્રીગંગાનગર, તા.૧૦: રાજસ્થાનમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર અનુપગઢ સેકટરમાં પાક રેન્જર્સે ગોળીબાર કર્યો હતો. બોર્ડર સિકયોરિટી ફોર્સએ પણ જડબાતોડ જવાબ આપ્યો હતો. ગોળીબારમાં ભારત તરફથી કોઈને નુકસાન થયું નથી. બીએસએફના પ્રવકતાએ કહ્યું કે ભારતીય પક્ષના સૈનિકો અથવા ખેડૂતોને કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાના અહેવાલ નથી.

બીએસએફના પ્રવક્તાએ કહ્યું કે ફોર્સે તેના પાકિસ્તાની સમકક્ષ સાથે વિરોધ નોંધાવવાનું નક્કી કર્યું છે અને ફલેગ મીટિંગની માંગ કરી છે. પ્રવક્તાએ કહ્યું કે 'કિસાન ગાર્ડ' હેઠળ, બીએસએફના જવાનોને તેમના ખેતરોમાં કામ કરતા ખેડૂતોની સુરક્ષા માટે સરહદની વાડની સામે તૈનાત કરવામાં આવ્યા હતા. બપોરે બે વાગ્યાની આસપાસ પાક રેન્જર્સે જવાનોને નિશાન બનાવીને છથી સાત રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જવાબમાં BSFએ પાક રેન્જર્સ તરફથી ઓછામાં ઓછા ૧૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

# ગુજરાત, રાજસ્થાન સહિત રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થયો વધારો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૦

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં આજે ઘટાડો જોવા મળ્યો છે. બ્રેંટક્રૂડ ૦.૦૫ ડોલર (૦.૦૭ટકા) ઘટીને ૯૩.૫૦ડોલર પ્રતિ બેરલ ઉપર પહોંચ્યું છે. WTIમાં ૦.૪૪ ડોલર (૦.૬૨ ટકા)નો ઘટાડો આવ્યો છે અહીં ૭૧.૦૨ ડોલર પ્રતિ બેરલ ઉપર વેચાઈ રહ્યું છે. આ બાજૂ સરકારી તેલ કંપનીઓએ દેશમાં પેટ્રોલ અને ડીઝલના નવા રેટ જાહેર કરી દીધા છે. અહીં કેટલાય રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. રાજસ્થાનમાં ૦.૪૮ પૈસા મોંઘુ થઈને પેટ્રોલ ૧૦૯.૧૦ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૦.૪૩ રૂપિયાથી વધીને ૯૪.૨૮ રૂપિયા ઉપર પહોંચી ગયું છે. છત્તીસગઢમાં પેટ્રોલ ૦.૬૦ રૂપિયાથી વધીને ૧૦૩.૫૮ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૦.૫૯ રૂપિયાના ઉછાળા સાથે ૯૬.૫૫ રૂપિયા થઈ ગયું છે. આ બાજૂ પંજાબમાં પેટ્રોલાન ભાવ ૦.૩૦ રૂપિયાથી ઘટીને ૯૬.૫૯ રૂપિયા પહોંચી ગયું છે, જયારે ડીઝલ અહીં ૦.૩૦ રૂપિયા સસ્તું થઈ ને ૮૬.૯૪ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર, હિમાચલ અને કેરલમાં પણ ઈંધણના ભાવમાં કંઈક ઘટાડો આવ્યો છે. તો વળી ગુજરાત, જેએન્ડકે તથા ઉત્તર પ્રદેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થોડો વધારો થયો છે. દેશના ૪ મહાનગરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

દરરોજ નવા પેટ્રોલ અને ડીઝલના રેટ જાહેર થાય છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એક્સાઈઝ ડ્યૂટી, ડીલર કમિશન, વેટ અને અન્ય વસ્તુઓ જોડ્યા બાદ તેની મૂળ કિંમત કરતા ડબલ થઈ જાય છે. આ જ કારણ છે કે, પેટ્રોલ અને ડીઝલ આપણને આટલું મોંઘુ પડે છે. આપ SMS દ્વારા પણ પેટ્રોલ અને ડીઝલના રોજ રેટ જાણી શકશો. ઈન્ડીયન ઓઈલના કસ્ટમર RSP અને પોતાના શહેરનો કોડ લખીને ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર ઉપર અને બીપીસીએલ ગ્રાહક RSP તથા પોતાના શહેરના કોડ લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ નંબર ઉપર SMS મોકલીને ભાવ જાણી શકે છે. તો વળી એચપીસીએલ ગ્રાહક HPPrice તથા પોતાના શહેરનો કોડ લખીને ૯૨૨૨૨૦૧૧૨૨ નંબર પર મેસેજ મોકલી ભાવ જાણી શકશે.

### ધારાસભ્ય દળનાં નેતા પસંદ કરવા કાર્યવાહી

# આજે કમલમ ખાતે ચુંટાયેલા ધારાસભ્યોની નિરીક્ષકોની ઉપસ્થિતિમાં દળનાં નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની થશે પસંદગી

ગાંધીનગર તા. ૧૦

આજે ગુજરાત વિધાનસભાગૃહના નેતાની ચૂંટણી માટે ભાજપના સભ્યોની એક બેઠક પ્રદેશ કાર્યાલય કમલમ યોજવામાં આવી રહીછે આ મહત્વની બેઠકમાં નિરીક્ષકતરીકે રાજનાથ સિંહ સહિત ૩ નેતાઓ ખાસ ઉપસ્થિત રહયા છે અને તેમની હાજરીમાં ધારાસભ્ય દળની બેઠક શરૂ કરવામાં આવી છે. આ બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ધારાસભ્ય દળનાં નેતા તરીકે પસંદગી કરવાની કામગીરી ચાલી રહી છે.

આ પ્રક્રિયા માટે ભાજપના રાષ્ટ્રીય સંગઠને નિરીક્ષક તરીકે કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પા અને કેન્દ્રીય આદિજાતિમંત્રી અર્જુન મુંડાની નિમણૂંક કરી છે.

જોકે આ પ્રક્રિયા ઔપચારિક રહેશે. ભાજપના દરેક ધારાસભ્ય ગૃહના નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની સર્વાનુમતે પસંદગી કરશે. આ પહેલાં તેમના નામની દરખાસ્ત સિનિયર નેતા કરશે. એ પછી પટેલ અને પાર્ટીના નેતાઓ રાજયપાલ સમક્ષ ગુજરાતમાં સરકાર રચવાનો દાવો કરશે અને મંત્રીમંડળની શપથવિધિ માટે સમય માંગશે. જે અંગેની કવાયતો કમલમ ખાતે ચાલી રહી છે.

# ગ્રેજયુએશનની ડીગ્રી ૪ વર્ષે મળશે : નવા શૈક્ષણિક વર્ષથી પ્રારંભ

નવી દિલ્હી, તા.૧૦

અત્યાર સુધી બીએ, બીએસસી કે બીકોમ કરનારને ત્રણ વર્ષમાં ગ્રેજ્યુએશનની ડીગ્રી મળતી હતી. પરંતુ આગામી વર્ષથી ગ્રેજ્યુએશનની ડિગ્રી માટે ચાર વર્ષ અભ્યાસ કરવો પડશે. વાસ્તવમાં, UGC એ ચાર વર્ષના અંડરગ્રેજ્યુએટ કોર્સ (FYUP)ની રૂપરેખા તૈયાર કરી છે. આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૪માં તમામ યુનિવર્સિટીઓમાં તેનો અમલ કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે જે વિદ્યાર્થીઓ આવતા વર્ષે BA, B.Sc અથવા B.Com માં પ્રવેશ લેશે, તેમના અભ્યાસક્રમો ચાર વર્ષનો રહેશે. અહેવાલો મુજબ, UGC આવતા અઠવાડિયે તમામ યુનિવર્સિટીઓ સાથે ચાર વર્ષના અંડરગ્રેજ્યુએટ કોર્સના નિયમો શેર કરશે.

અંડરગ્રેજ્યુએટ કોર્સની અવધિમાં કરવામાં આવેલો ફેરફાર દેશની તમામ ૪૫ કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં લાગુ થશે. કેન્દ્રીય યુનિવર્સિટીઓની સાથે મોટાભાગની રાજ્ય સ્તરની અને ખાનગી યુનિવર્સિટીઓ પણ ચાર વર્ષનો અંડરગ્રેજ્યુએટ કોર્સ અમલમાં મૂકવા જઈ રહીછે. રિપોર્ટ અનુસાર, દેશની ઘણી ડીમ્ડ યુનિવર્સિટીઓ પણ તેને અપનાવવા તૈયાર છે.

જે વિદ્યાર્થીઓએ વર્ષના અંડરગ્રેજ્યુએટ કોર્સમાં એડમિશન લીધું છે તેમને પણ ચાર વર્ષનો કોર્સ અપનાવવાની સુવિધા આપવામાં આવશે. યુજીસીના અધ્યક્ષ એમ જગદેશ કુમારના જણાવ્યા અનુસાર, ૪ વર્ષના અંડરગ્રેજ્યુએટ કોર્સની સંપૂર્ણ યોજના ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ચાર વર્ષના સ્નાતક કોર્સની શરૂઆત માટે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) સોમવારે આની જાહેરાત કરશે. આ હેઠળ, સંશોધિત ક્રેડિટ સિસ્ટમ દર વર્ષ માટે લાગુ થશે. ચાર વર્ષમાં ૧૬૦ ક્રેડિટ મેળવવા પર ઓનર્સ ડિગ્રી આપવામાં આવશે.

# પંજાબનાં તરન તારનમાં પોલીસ ચોકી ઉપર રોકેટ લોન્ચરથી હુમલો

### પંજાબ પોલીસના જણાવ્યા અનુસાર, રાતે એક વાગે પોલીસ સ્ટેશનની બિલ્ડીંગ ઉપર રોકેટ લોન્ચરથી અટેક કર્યો હતો

ચંડીગઢ, તા.૧૦

પંજાબમાં તરન તારનમાં સ્ટેશન સરહલીમાં આવેલા સાંઝ કેન્દ્રમાં રોકેટ લોન્ચરથી હુમલો કર્યો છે. અમૃતસર-બઠિંડા નેશનલ હાઈવે પર પોલીસ ચોકી આવેલી છે. પોલીસ હાલ આ કેસમાં તપાસ કરી રહી છે. એજન્સીઓને સૂચના આપી દેવામાં આવી છે. તાજેતરમાં પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, આ હુમલોમાં કોઈ મોટુ નુકસાન થયું નથી, પણ પોલીસ એક્ટિવ થઈ ગઈ છે. હકીકતમાં આ હુમલો પોલીસ સ્ટેશનને ટાર્ગેટ બનાવવા માટે કર્યો છે. પંજાબ પોલીસના જણાવ્યા અનુસાર, રાતે એક વાગે પોલીસ સ્ટેશનની બિલ્ડીંગ ઉપર રોકેટ લોન્ચરથી અટેક કર્યો હતો. મોડી રાત્રે એક વાગ્યે તરન તારનના સરહાલી પોલીસ સ્ટેશનને ટાર્ગેટ કર્યો હતો. આ અગાઉ મોહાલીના સેક્ટર-૭૭માં આરપીજી અટેક થયો હતો. આ મોટો હુમલો હતો. આરપીજી ખૂબ જ પાવરફુલ અટેક હોય છે. હુમલામાં તેનો ઉપયોગ ખતરો ગણાય છે.

# ટૂર્નામેન્ટ તો આવતી રહેશે, ટેરરિઝમ સૌથી મોટો મુદ્દો : વિદેશ મંત્રી

નવી દિલ્હી, તા.૧૦

ભારતની પાકિસ્તાન અથવા કોઈ પણ દેશમાં ક્રિકેટ રમવાની સંભાવના ઉપર વિદેશ મંત્રી એસ જયશંકરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, આતંકવાદને ખતમ કરવા માટે પાકિસ્તાન પર નિરંતર આંતરરાષ્ટ્રીય પ્રેશર રહેવું જોઈએ અને ભારતે આ પ્રેશર બનાવી રાખવાનું નેતૃત્વ કરવું પડશે. જયશંકરે એક જોરદાર અને સ્પષ્ટ સંદેશ આપતા કહ્યું કે, સરહદ પાર આતંકવાદને ક્યારેય પણ સામાન્ય વાત ન સમજવી જોઈએ. ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાન નહીં જવાની બીસીસીઆઈની ઘોષણા બાદ એશિયા કપ ૨૦૨૩ને લઈને બીસીસીઆઈ અને પીસીબી વચ્ચે વિવાદને લઈને જયશંકરે કહ્યું કે, ટૂર્નામેન્ટ તો આવી જતી રહેશે અને આપ સરાકરનું વલણ જાણો છો, જોઈએ આગળ શું થાય છે. જયશંકર એક કાર્યક્રમમાં કહ્યું કે, હું ફરી વાર કહેવા માગું છું કે, આપણે એ ક્યારેય સ્વિકાર ન કરવો જોઈએ કે, દેશ પાસે આતંકવાદને ચાલુ રાખવાનો અધિકાર છે. આપણે તેને ગેરકાયદેસર બનાવવું પડશે. અને તેના માટે દેશ ઉપર આંતરરાષ્ટ્રીય પ્રેશર હોવું જોઈએ. આ પ્રેશર ત્યારે બનશે, જયારે આતંકવાદનો શિકાર લોકો પોતાનો અવાજ ઉઠાવશે. આપણે તેમાં નેતૃત્વ કરવાનું રહેશે, કારણ કે, આપણે આતંકવાદના કારણે લોહી વહાવ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વાર્ત ફરીથી શરૂ થવાના મુદ્દા ઉપર જયશંકરે કહ્યું કે, આ એક જટિલ મુદ્દો છે. જો હું આપના માથા ઉપર બંદૂક મુકું તો શું આપ મારી સાથે વાત કરશો ? અને તેના નેતા કોણ છે, ક્યાં છે શિબિર ? તેના વિશે કોઈ રહસ્ય નથી. આપણે એ ક્યારેય ન વિચારવું જોઈએ કે, સરહદ પાર આતંકવાદ સામાન્ય બાબત છે. મને એકાદુ એવું ઉદાહરણ આપો જે એક પાડોશી બીજા વિરુદ્ધ આતંકવાદને પ્રાયોજીત કરી રહ્યું હોય, આવું કોઈ ઉદાહરણ નથી.

# ગુજરાતનાં ચૂંટણી પરીણામો બાદ આત્મમંથન : આગામી રણનીતિ અંગે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે દ્વારા મહત્વની ચર્ચા

નવી દિલ્હી તા. ૧૦

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કહે છે કે અમે કોંગ્રેસની મજબૂત વાપસી માટે રોડમેપ બનાવી રહ્યા છીએ. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી અંગે તેમણે કહ્યું, 'તે બહુ દૂર છે. આટલી ઝડપથી ચુકાદા ઉપર ન આવો. કોંગ્રેસ જીવતી હતી અને હંમેશા જીવંત રહેશે. કોંગ્રેસ દેશ માટે બધું કરી શકે છે અને કરતી રહેશે.' એક કાર્યક્રમ દરમ્યાન મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'ગાંધી પરિવાર કોંગ્રેસ માટે જરૂરી છે. તે અમારા માર્ગદર્શક છે. પાર્ટીના ભલા માટે તેમનાથી વધુ સારૂં કોણ વિચારી શકે. આપણે બધા તેને સાંભળીએ છીએ અને આપણે તે જ કરવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે કોંગ્રેસ નબળી નથી. તેણે માત્ર યોગ્ય દિશામાં કામ કરવાની જરૂર છે. અમે આ કરી રહ્યા છીએ. પાર્ટીને પાટા ઉપર લાવવા માટે રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.' તેમણે કહ્યું કે કોંગ્રેસ ભાજપને હરાવવા માટે મક્કમ છે અને આ કાર્યમાં અન્ય પક્ષોની મદદ લેવામાં કે તેમને મદદ કરવામાં ખચકાશે નહીં. તેમણે કહ્યું કે અમે ચૂંટણીમાં સમાન વિચારધારાવાળા પક્ષો સાથે ગઠબંધન માટે હંમેશા તૈયાર છીએ. તેમણે એમ પણ કહ્યું કે આજે જરૂરી છે કે આપણે એવા લોકોને પ્રમોટ કરીએ જે પાર્ટી માટે સારા સાબિત થઈ શકે. અમે આ લીક ઉપર કામ કરી રહ્યા છીએ.

# તામિલનાડુમાં 'મેંડુસ' વાવાઝોડાએ ભારે તબાહી મચાવી : વૃક્ષો ધરાશયી

ચેન્નાઈ તા. ૧૦ : બંગાળની ખાડી ઉપર બનેલા ચક્રવાતી તોફાન મૈંડુસ હવે દક્ષિણના રાજયોમાં તેની અસર બતાવવાનું શરૂ કરી દીધું છે. ચક્રવાત મૈંડુસને કારણે આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને પુડુચેરી રાજયોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગે મૈંડુસ ચક્રવાતને લઈને પહેલેથી જ ચેતવણી જારી કરી દીધી હતી. વાવાઝોડુ રાત્રે ૨ વાગ્યે ત્રાટકતા વૃક્ષો તુટી ગયા છે, ઘરોની છતો ઉડીછે. શાળા-કોલેજો બંધ કરી દેવાઈ છે. ભારે વરસાદ પડી રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૧ ડિસેમ્બર સુધી પુડુચેરી, ઉત્તર તમિલનાડુ અને આંધ્રપ્રદેશના દરિયાકિનારા પ્રભાવિત રહેશે. આ દરમ્યાન માછીમારોને દરિયામાં જતા અટકાવવામાં આવ્યા છે. ભારે પવન સાથે ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જનજીવનને માઠી અસર પહોંચી છે. વાવાઝોડાથી પ્રભાવિત રાજયોની શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે.

# રશિયા ઉપર હુમલો કરવાની હિંમત કરશે તો તેનું નામોનિશાન મીટાવી દઈશુ : યુધ્ધની વચ્ચે પશ્ચિમનાં દેશોને પુતિનની ચેતવણી

મોસ્કો તા. ૧૦:

છેલ્લા ૧૦ મહિનાથી ચાલી રહેલ રશિયા-યુક્રેન યુદ્ધનું હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી. બંનેમાંથી એક પણ દેશ પીછેહઠ કરવા તૈયાર નથી કે વાતચીત માટે તૈયાર નથી. પશ્ચિમી દેશો પાસેથી યુક્રેનને મળેલા હથિયારોની મદદથી નારાજ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દુશ્મનોને મોટી ચેતવણી આપી છે. પુતિને કહ્યું કે જો કોઈ દેશ રશિયા ઉપર પરમાણુ હુમલો કરવાનો પ્રયાસ કરશે તો તેને પૃથ્વી ઉપરથી મિટાવી દેવામાં આવશે.

રશિયાના રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમનો દેશ પહેલા કોઈ દેશ ઉપર પરમાણુ હુમલો નહીં કરે, પરંતુ જો કોઈ દેશ રશિયા ઉપર પરમાણુ હુમલો કરવાનો પ્રયાસ કરશે (વ્લાદિમીર પુતિન થ્રેટ ઓફ ન્યુકલિયર એટેક) તો રશિયા પૃથ્વી પરથી તેનું નામ ભૂંસી નાખશે. રશિયાના શષ્ત્રોના કાફલામાં એકથી વધુ અત્યાધુનિક હાઈપરસોનિક શષ્ત્રો છે, જે સુનિશ્ચિત કરશે કે દુશ્મનના હુમલાનો સચોટ અને કડક જવાબ આપી શકાય.

પુતિને કહ્યું કે તાજેતરમાં જ એકત્ર કરાયેલા ૩ લાખ રિઝર્વ સૈનિકોમાંથી ૧.૫ લાખ એડવાન્સ ટ્રેનિંગ પૂરી થઈ ગઈ છે અને હવે તેઓ યુક્રેનમાં તૈનાત થવાની રાહ જોઈ રહ્યા છે. ટૂંક સમયમાં તેમની એડવાન્સ પોસ્ટીંગની જાહેરાત કરવામાં આવશે.

# દેશમાં કેન્સરનો ઝડપી ફેલાવો ચિંતાજનક દર કલાકે કેન્સરથી ૧૫૯ના મોત

નવી દિલ્હી તા. ૧૦ ભારતમાં કેન્સર ખૂબ જ ઝડપથી તેની પાંખો ફેલાવી રહ્યું છે. આ બીમારીને કારણે દેશમાં દર કલાકે ૧૫૯ લોકોના મોત થઈ રહ્યા છે. સ્થિતિ કેટલી ખરાબ છે, તેનો અંદાજ એ વાત ઉપરથી લગાવી શકાય છે કે કેન્સર ટેસ્ટિંગ સેન્ટરો દ્વારા છેલ્લા આઠ વર્ષમાં આ બીમારીથી સંબંધિત લગભગ ૩૦ કરોડ ગંભીર કેસ સામે આવ્યા છે.

### કાશી-મથુરા માટેનો માર્ગ ખુલી શકે છે

# મોદી સરકાર 'ઉપાસના સ્થળ કાનુન' હટાવવાની તૈયારીમાં : સુબ્રમણ્યમ સ્વામી

નવી દિલ્હી તા. ૧૦

શું કેન્દ્ર સરકાર પૂજા સ્થળના કાયદાને નાબૂદ કરી રહી છે ભાજપના નેતા અને રાજયસભાના પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ આ તરફ ધ્યાન દોર્યું છે. તેમનું કહેવું છે કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પ્લેસ ઓફ વર્શીપ એકટને નાબૂદ કરવા માટે બિલ લાવવા જઈ રહી છે. સ્વામીએ કહ્યું છે કે તેમને આ અંગે કેટલાક અધિકારીઓ પાસેથી જાણ થઈ હતી. ધ્યાનમાં રાખો કે સુબ્રમણ્યમ સ્વામીએ પોતે જ પ્લેસિસ ઓફ વર્શીપ એક્ટને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. પ્લેસિસ ઓફ વર્શીપ એકટમાં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી ધાર્મિક સ્થળોની પ્રકૃતિ જાળવી રાખવાની જોગવાઈ કરવામાં આવીછે. આ કાયદામાં અયોધ્યાના રામજન્મભૂમિ સ્થળને અપવાદ ગણવામાં આવ્યો છે.

બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વીટ કરીને લખ્યું, 'મને સત્તાવાળાઓ પાસેથી જાણવા મળ્યું છે કે પ્લેસ ઓફ વર્શીપ એકટ હટાવવામાં આવી રહ્યો છે. મોદી સરકાર બિલ લાવીને આ કાયદાને ખતમ કરશે. મારી રિટ પિટિશનની સુનાવણી હવે પૂરી થવાની હતી. હું આ કેસ પણ જીતી ગયો હોત - ઓછામાં ઓછું કૃષ્ણ જન્મભૂમિ મંદિર અને જ્ઞાનવાપી કાશી વિશ્વનાથ મંદિર માટે.'


**ૐ નેચર ક્યોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા (N.D.)

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**વર્ક ફ્રોમ હોમ**
માત્ર ૩૦૦૦/- ભરી રજીસ્ટ્રેશન કરાવો, દર મહિને ૨૫૦૦૦/- થી ૪૦૦૦૦/- કમાઓ, કોઈપણ રોકાણ વગર, ગેરંટી રીટર્ન ચેક સાથે.
મો. ૭૦૪૩૬ ૩૮૨૨૭

બાબુભાઈ મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫
સંદિપભાઈ મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧

મીઠાઈઓની મીઠાશ...એટલે...
**મુરલીધર ડેરી ફાર્મ**



અંબા આર્કેડ, એમ.જી. રોડ,
જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

### G-૨૦ સમિટની રાજ્યોની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરતા વડાપ્રધાન

# ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ-કેન્દ્ર શાસિત પ્રદેશોના રાજ્યપાલઓ-રાજ્યોના રાજ્યપાલો વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થયા

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજભવનથી વીડિયો કોન્ફરન્સમાં જોડાયા : કેન્દ્રીય ગૃહમંત્રી-વિદેશ મંત્રીની પ્રેરક વર્ચ્યુઅલ ઉપસ્થિતિ



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભારતની અધ્યક્ષતામાં યોજાનારી G-૨૦ સમિટની સફળતા માટે દેશના રાજ્યોએ કરેલા આયોજનની સર્વગ્રાહી સમીક્ષા પ્રધાનમંત્રીએ નવી દિલ્હીથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, વિદેશમંત્રી જયશંકર તથા G-૨૦ સમિટના શેરપા અમિતાભ કાન્ત તેમજ દેશના રાજયોના મુખ્યમંત્રીઓ, રાજ્યપાલો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપ રાજ્યપાલો પણ આ બેઠકમાં વર્ચુઅલ માધ્યમથી સહભાગી થયા હતા. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજભવનથી આ વીડિયો કોન્ફરન્સમાં જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને આ સમિટની ૧૫ જેટલી બેઠકોનું યજમાનપદ આપવાની વડાપ્રધાને આપેલી તક માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે એવો વિશ્વાસ દર્શાવ્યો હતો કે આ સમિટની ગુજરાતમાં યોજાનારી બેઠકોનું ગ્લોબલ પ્લેટફોર્મ રાજયની વિવિધતા સાથે વિકાસયાત્રાને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવાનું સક્ષમ પ્લેટફોર્મ બનશે. ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં ગુજરાતે જે ઝીણવટપૂર્વકના આયોજનો કર્યા તેનું વિવરણ વડાપ્રધાન અને બેઠક સમક્ષ આપ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ સમિટમાં ગુજરાતમાં આવનારા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિમંડળો, મહેમાનો સમક્ષ ગુજરાતની આગવી પરંપરા, વિરાસત, સંસ્કૃતિ અભિનવ પરિયોજનાઓ, નિવેષ ક્ષમતા તથા અન્ય વિકાસ અવસરો પ્રભાવી રૂપે પ્રસ્તુત કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે રાજ્ય સરકારે આ સમિટની ૧૫ જેટલી બેઠકો ગુજરાતમાં યોજાશે તેમાં સહભાગી થનારા ડેલિગેશનને આતિથ્યભાવની વિવિધ અનુભૂતિ માટે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. રાજ્ય સરકારે આ અતિથિઓની સુરક્ષા, પ્રોટોકોલ, લોજિસ્ટિક્સ, પ્રવાસન જેવી બાબતો સહિત સમગ્ર સમિટના આયોજનને સફળ બનાવવા જૂદી જૂદી કમિટીઓની રચના કરી છે એની ભૂમિકા ભૂપેન્દ્રભાઈ પટેલે આપી હતી. તેમણે જણાવ્યું કે અમદાવાદ, ગાંધીનગર, સુરત, કચ્છ અને એકતાનગરમાં આ સમિટની બેઠકો યોજાવાની છે. અ ા સ્થળોની આસપાસના પ્રવાસ, પર્યટન સ્થાનો, સ્થાનિક ખાનપાન, વ્યંજન, ઈતિહાસ, પરંપરાગત સંસ્કૃતિનો આનંદ પ્રતિનિધિમંડળો માણી શકે તેની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવશે તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું. ભૂપેન્દ્ર પટેલે મોસ્ટ પ્રીફર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન બનેલા ગુજરાતના ગિફ્ટ સિટી, ડ્રીમ સીટી સુરત, ધોલેરા SIR જેવા મહત્વપૂર્ણ વિકાસલક્ષી પ્રોજેકટની વિગતો પણ પ્રતિનિધિ મંડળને કરાવાશે તેની રૂપરેખા આપી હતી. બેઠકના આયોજન સ્થાનો ઉપર રાજ્યના પ્રસિદ્ધ શિલ્પકારો અને કારીગરોના લાઈવ આર્ટ-ક્રાફ્ટ પ્રદર્શન કરવાનું પણ સુનિશ્ચિત થયું છે તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીએ આપી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ સમિટને જનભાગીદારીથી સફળ બનાવીને ગુજરાત સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના વડાપ્રધાનના મંત્રને વિશ્વ સમુદાય સમક્ષ સાકાર કરશે. આ બેઠકમાં મુખ્યમંત્રી સાથે મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્યસચિવ પંકજકુમાર, અધિક મુખ્ય સચિવ રાજકુમાર, પંકજ જોષી તેમજ વરિષ્ઠ સચિવો પણ ગાંધીનગર ખાતે હાજર રહ્યા હતા.

### રખડતા ઢોરને લઈ તંત્ર એકશનમાં

# માલધારીઓ માટે પોતાના ઢોરનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

### તમામ માલધારીઓને જાહેરનામાનો અમલ કરવા જણાવાયુંછે અને અમલ ન કરનારા સામે કડક કાર્યવાહી કરાશે

રાજકોટ,તા. ૧૦

રાજકોટમાં રખડતા ઢોર પર નિયંત્રણ લાવવા માટે પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યુંછે. હવે માલધારીઓ માટે પોતાના ઢોરનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ૧૨મી ડિસેમ્બરથી નવું જાહેરનામું શહેરમાં લાગૂ કરવામાં આવશે. ઢોર માલિક ઢોર વેચે તો તેનું નામ ટ્રાન્સફર કરાવવાનું રહેશે. ઢોરનું મૃત્યુ થાય તો રાજકોટ મહાનગરપાલિકાને જાણ કરવાની રહેશે અને જો કોઈ બિનવારસી ઢોર પકડાશે તો તેને એનિમલ હોસ્ટેલમાં મોકલી આપવામાં આવશે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

જાહેરનામાં અનુસાર, હવે રાજકોટમાં તમામ માલધારીઓએ તેમના ઢોરનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનું રહેશે. તેના માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેગિંગ કરવામાં આવશે. ૧૨ ડિસેમ્બરથી અમલમાં આવનારા આ જાહેરનામાં અનુસાર, હવે રાજકોટ મહાનગરપાલિકા રખડતા ઢોરની સમસ્યાનું નિરાકરણ પણ લઈને આવી છે.

મહાનગરોમાં રખડતા ઢોરનો મોટો ત્રાસ છે ત્યારે હવે રાજકોટ મહાનગરપાલિકા રખડતા ઢોરથી શહેરને આઝાદ કરવા માટે બિનવારસી ઢોરને એનિમલ હોસ્ટલમાં રાખશે. તમામ માલધારીઓને જાહેરનામાનો અમલ કરવા જણાવાયું છે અને અમલ ન કરનારા સામે કડક કાર્યવાહી કરાશે. અહીં તમને જણાવી દઈએ કે, આ પહેલા રાજ્ય સરકાર કાયદો લઈને આવી હતી. જેનો મોટા પાયે વિરોધ થતા કાયદો પરત ખેંચવાની ફરજ પડી હતી.

# દ્વારકા બેઠક ઉપર સતત ૮મી વખત જીત મેળવતા ભાજપના ઉમેદવાર પબુભા માણેક



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૦

ઓખા મંડળના ભામાશા પબુભા માણેકએ સતત આઠમી વખત શાનદાર જીત મેળવી છે.છેલ્લી આઠ વિધાનસભાની ચૂંટણી તેઓ જીતતા આવે છે.તેઓ અત્યાર સુધીમાં અપક્ષ , કોંગ્રેસ અને છેલ્લી ત્રણ ટર્મથી તેઓ ભાજપમાંથી લડી તેમાંપણ હેટ્રિક ફટકારીછે. આ વખતે ૮૨ દ્વારકા વિધાનસભા બેઠક પર ત્રિપાંખ્યો જંગ ખેલાયો હતો.તેમાં પણ પબુભાએ બાજી મારી છે. કોંગ્રેસના અને "આપ" ના ઉમેદવારને પરાસ્ત કરી પબુભા માણેક આ વખતે તેઓએ ૫૦૫૭ મતની લીડ મેળવી સતત આઠમી વખત ચૂંટણી જીત છે.ત્યારે તેઓની જીતનું દ્વારકા ખાતે વિજય સરઘસ નીકળ્યું હતું.જેમાં તેઓને ઠેર ઠેર પુષ્પહારથી અભિનંદન કરવામાં આવ્યું હતું.અને આ વીજય સરઘસમાં મોટી સઁખ્યામાં ભાજપના આગેવાનો,કાર્યકરો તેમજ ગ્રામજનો જોડાયા હતા. સરઘસ પૂર્ણ થયા બાદ દ્વારકામાં હોમગાર્ડ ચોકમાં વિજય સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ તેમાં પબુભાએ લોકોનો જાહેર આભાર માન્યો હતો જેમાં પણ વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી હતી. તેમજ ઓખા, મીઠાપુર ભાટિયા,કલ્યાણપુરમાં આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.જયારે દ્વારકા રઘુવંશી સમાજ દ્વારા પબુભાની જીતની ખુશીમાં ૧૦૮ કિલો પેંડા વહેંચવામાં આવ્યા હતા.

# ઓખાના યુવાન સાથે ઝઘડો કરી, સાસરા પક્ષે મારી નાખવાની ધમકી આપતા યુવાને ઝેરના પારખા કર્યા

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૦

ઓખા મંડળના પોશીત્રા વિસ્તારમાં રહેતા એક મુસ્લિમ યુવાન તેના સસરાના ઘરે ગયો હતો, ત્યારે અહીં સાસુ, સસરા અને સાળાએ મળી અને બેફામ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપતા આ યુવાને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેથી તેને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર બનાવવા અંગે ઓખાના પોશીત્રા વાડી વિસ્તારમાં રહેતા રફીક આદમભાઈ ઉઢા નામના ૨૪ વર્ષના સંધી મુસ્લિમ યુવાને ઓખાના બર્માસલ કવાર્ટર વિસ્તારમાં રહેતા તેના સસરા રજાક કાદર સોઢા, સાસુ રોશનબેન તથા સાળા અકબર રજાક સોઢા સામે ઓખા મરીન પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે. આ પોલીસ ફરિયાદમાં જાહેર થયેલી વિગત મુજબ ફરિયાદી રફીક તથા તેના પત્ની રોઝીના ગત તારીખ ૨૨ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ મીઠાપુર ખાતે એક ખાનગી દવાખાનામાં રઝીનાબેનના રૂટીન ચેકઅપ માટે ગયા બાદ તેની પત્નીના કહેવા મુજબ આ દંપતી સસરા રજાકભાઈના ખબર અંતર કાઢવા માટે તેમના ઘરે ગયા હતા. ફરિયાદી રફીકભાઈના સાસરે જતા તેના સસરા રજાકભાઈ, સાસુ રોશનબેન તથા સાળા અકબરે દરવાજા બંધ કરી અને એકસંપ કરી, બિભત્સ ગાળો કાઢી, પોતાના પત્ની રોઝીનાને સરખી રીતે રાખવા અને હેરાન પરેશાન ન કરવાનું કહ્યા બાદ બોલાચાલી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવથી ચિંતાગ્રસ્ત હાલતમાં ફરિયાદી રફીકભાઈએ તેની વાડીમાં જઈ અને અહીં રહેલી ખડમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ બનાવ બાદ રજાકને ગંભીર હાલતમાં વધુ સારવાર અર્થે ખંભાળિયાની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. રફીકભાઈના લગ્ન આજથી આશરે સાત વર્ષ પૂર્વે થયાનું તથા તેમને છ વર્ષનો એક પુત્ર હોવાનું પણ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. અગાઉ તેના પત્નીએ સ્ત્રી અત્યાચારની કલમ મુજબ રફીકભાઈ સામે ફરિયાદ પણ આપી હતી. બાદમાં તેઓનું સમાધાન થઈ ગયું હતું. ઉપરોક્ત બનાવ અંગે ઓખા મરીન પોલીસે રફીકભાઈ ઉઢાના સાસુ, સસરા તથા સાળા સામે આઈ.પી.સી. કલમ ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે.

### ભાણવડમાં ચાર જુગારીઓ ઝડપાયા

ભાણવડના રામેશ્વર પ્લોટ વિસ્તારમાંથી પોલીસે જાહેરમાં તીનપત્તી નામનો જુગાર રમી રહેલા રફીક મહમદ સમા, ઈશા જુસબ હિંગોરા, સોએબ બોદુ સમા અને આરીફ ગુલમામદ સમા નામના ચાર શખ્સોને ઝડપી લઈ, કુલ રૂપિયા ૪,૦૩૦નો મુદામાલ કબજે કર્યો હતો.

# IPLની આગામી સિઝન માટે ગુજરાત ટાઈટન્સે કમર કસી

અમદાવાદ,તા.૧૦

IPLની આગામી સિઝન માટે ગુજરાત ટાઈટન્સની ટીમે કમર કસી છે. ગુજરાત ટાઈટન્સ દ્વારા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮ અને ૯ ડિસેમ્બરના રોજ ૫૨ જેટલા આશાસ્પદ ડોમેસ્ટિક સર્કિટના ખેલાડીઓના ટ્રાયલ લેવામાં આવ્યા હતા.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

ફલેટ વેચવાનો છે

2 BHK રોડ સાઈડ, રીનોવેશન કરેલ, ફર્નિચર સાથે, પહેલા માળે ફલેટ વેચાવ છે. નિલકમલ સોસાયટી, તળાવ દરવાજા, જૂનાગઢ (દલાલભાઈઓ આવકાર્ય છે)

: સંપર્ક : ૯૪૦૮૧ ૬૦૦૨૨

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ


- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
- આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે

વિજય ઘી ડીપો

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

- પાણીપુરી
- ભેળ
- સમોસા રગડો
- મસાલાપુરી
- દાબેલી
- રગડા પેટીસ
- દહીપુરી
- દિલ્હી ચાટ
- બાસ્કેટ ચાટ
- સેવપુરી
- લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

વંદના સ્પેશિયલ

- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪

નારાયણ બેકરી

સુખનાથ ચોક

ફોન : ૨૬૨૩૨૨૪

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

માખણ રૂા. ૪૦૦

મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦

૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

ભેંસનું ઘી રૂા. ૬૦૦

ગાયનું ઘી રૂા. ૫૬૦

મલાઈવાળું દહીં, ઘોરવું

તાજુ પનીર ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ

શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

આઈસ્ક્રીમ

ક્રીમ લચ્છી

સન્ડે આઈસ્ક્રીમ

ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# ભવનાથ મહાદેવની પૂજા અને દત્ત ભગવાનના આર્શીવાદ મેળવતા જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢના નવ નિયુકત ધારાસભ્યસંજયભાઈ કોરડીયાએ ગઈકાલેભવનાથ મહાદેવની પૂજા તેમજ દત્ત ભગવાનના આર્શીવાદ લઈ અને શુભકાર્યોનો પ્રારંભ કર્યો હતો. જૂનાગઢ વિધાનસભાની ચુંટણીમાં ભાજપના ઉમેદવાર સંજયભાઈ કોરડીયાનો ભવ્ય વિજય થયો છે. ત્યારે તેઓને અભિનંદનની વર્ષા કરવામાંઆવી રહી છે. દરમ્યાન નવનિયુકત ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા ગઈકાલે જયાં ૧૦૦૮ ગિરનાર પીઠાધીશ્વર જયશ્રીકાનંદગીરી મહારાજના આર્શીવાદ લેવા માટે ભવનાથ મહાદેવ મંદિર ખાતે આવી પહોચ્યા હતા અને ભગવાન ભવનાથ દાદાની પૂજા કરી હતી તેમજ જુના અખાડામાં દત્ત ભગવાનના પણ આર્શીવાદ લઈ અને પોતાના શુભ કાર્યની શરૂઆત કરી હતી. આ તકે ૧૦૦૮ ગિરનાર પીઠાધીશ્વર જયશ્રીકાનંદગીરી મહારાજે તેઓનો આર્શીવાદ પાઠવ્યા હતા. જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની સાથે જૂનાગઢ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર ગિરીશભાઈ કોટેચા તેમજ ભાજપ અગ્રણી અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના યોગીભાઈ પઢીયાર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ સહિતના જીલ્લામાં હળવો વરસાદ પડવાની આગાહી

## ખેડૂતોએ તા.૧૧ થી તા.૧૪-૧૨-૨૦૨૨ સુધી રવિપાકમાં પિયત આપવાનું ટાળવું સલાહભર્યું

જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢ સહિતના રાજયના અન્ય જિલ્લાઓમાં આવતીકાલ તા.૧૧-૧૨-૨૦૨૨ થી તા.૧૪-૧૨-૨૦૨૨ સુધી હળવો વરસાદ પડવાની હવામાનવિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેથી ખેડૂતોએ પોતાની ખેત જણસી અને ઘાસચારાને સુરક્ષિત સ્થળે રાખવા માટે જણાવવામાં આવ્યું છે. ઉપરાંત આ દિવસોમાં રવિપાકમાં પિયત આપવાનું ટાળવું પણ ખેડૂતો માટે સલાહભર્યું રહેશે.

ભારત મૌસમ વિભાગ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, મધ્યગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં તા.૧૧-૧૨-૨૦૨૨થી તા.૧૪-૧૨-૨૦૨૨ સુધી હળવો વરસાદ પડવાની સંભાવના છે. જેને ધ્યાને લઈ ખેડૂતો કાળજીરાખવી જરૂરી છે. ઘાસચારો વિગેરે પણ ગોડાઉનમાં સલામત સ્થળે રાખવો અથવા તાડપત્રી ઢાંકીને રાખવો અને તાડપત્રી હાથવગી રાખવી.

ઉપરાંત વેચાણ અર્થે એપીએમસી અથવા ખરીદ કેન્દ્ર ખાતે વેચાણ અર્થે લઈ જવાતી ખેત જણસી ઢાંકીને લઈ જવી, એપીએમસીમાં રહેલ ખેત જણસીઓ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવા માટે વેપારીઓને પણ જણાવવામાં આવ્યું છે. પશુઓ માટેના ઢાળિયા કે કાચા શેડ વ્યવસ્થિત રાખવા ખેતી ઈનપુટ એટલે કે બિયારણ ખાતર વગેરેનો જથ્થો પણ સલામત સ્થળે સુરક્ષિત ગોડાઉનમાં રાખવો. તેમજ આ દિવસોમાં શિયાળુ પાકોમાં પિયત આપવાનુ ટાળવું પણ હિતાવહ રહેશે. તેમ જિલ્લા ખેતિવાડી અધિકારીની એક યાદીમાં જણાવાયું છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં વિધાનસભાની ચૂંટણી માટે રેવન્યુ તથા પોલીસ તંત્રની ઉત્કૃષ્ટ કામગીરી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં યોજાઈ ગયેલી વિધાનસભાની બંને બેઠકની ચૂંટણીના મતદાન બાદ ગુરૂવારે અત્રે પોર ગેઈટ વિસ્તારમાં આવેલી એસ.એન.ડી.ટી. શાળા ખાતે ખંભાળિયા તથા દ્વારકાની મતગણતરી યોજવામાં આવી હતી. જે સંપૂર્ણરીતે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી એમ.એ. પંડ્યા અને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા ચૂંટણીની મતગણતરી સુચારૂ રૂપે સંપન્ન થાય તે માટે અગાઉથી જ નોંધપાત્ર પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. જેમાં પાર્કિંગ ઝોન, નો પાર્કિંગ ઝોન, વન-વે, વૈકલ્પિક રસ્તાની વ્યવસ્થા, વિગેરેની અંગેના ઊંડાણપૂર્વક અભ્યાસ બાદ વિવિધ પ્રકારના જાહેરનામા પ્રસિદ્ધ કરાવી તેની અમલવારી માટે પોલીસ તંત્ર દ્વારા મજબૂત બંદોબસ્ત અને ચેકિંગ કાર્યવાહી માટે પોલીસ ટુકડીઓ તૈનાત કરવામાં આવી હતી. આ સાથે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આસ્થા ડાંગર, ખંભાળિયાના ચૂંટણી અધિકારી પાર્થ કોટડીયા અને દ્વારકાના પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, મામલતદાર જયેશ મહેતા, દક્ષાબેન રિંડાણી વિગેરે દ્વારા મતગણતરી વ્યવસ્થા તેમજ રાઉન્ડ વાઈઝ પરિણામો જાહેર કરવા સાથે સમયસર માઈક મારફતે એનાઉન્સમેન્ટ કરવાની વ્યવસ્થા કરાઈ હતી.

આ ઉપરાંત પત્રકારો માટે મીડિયા રૂમ, ટીવી, ઈન્ટરનેટ સહિતની અન્ય વ્યવસ્થાઓ પણ નોંધપાત્ર બની હતી. પરિણામો જાહેર થયા પછી પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઘર્ષણનો કોઈ બનાવ ન બને તેમજ તંગદિલી ન થાય તે માટે ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ વિગેરે દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી.

આમ, મતગણતરી માટે વહેલી સવારે પાંચ વાગ્યાથી રેવન્યુ, પોલીસ, એસઆરપી વિગેરેનો સ્ટાફ બંદોબસ્તમાં ગોઠવાઈ ગયો હતો. જે પરિણામ જાહેર થયા બાદ ચારેક વાગ્યે મહત્વની જવાબદારીમાંથી મુકત થયો હતો. ચૂંટણીની જાહેરાતબાદ અંત સુધી એકપણ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

# ખંભાળિયામાં ભાજપની જીત માટે પરિમલભાઈ નથવાણીનો અમૂલ્ય સહયોગ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦



દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળિયા બેઠક સમગ્ર રાજ્યમાં ઉત્તેજનાસભર તથા આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. અહીં આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી પદના ચહેરા સાથે પૂર્વ સાંસદ અને બે વખતથી અહીં છુટાતા કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે ભાજપના ઉમેદવાર મુળુભાઈ બેરાની કાંટે કી ટક્કર હતી. આ ત્રિપાંખિયા જંગ વચ્ચે ખંભાળિયાના મૂળ વતની અને વતન પ્રત્યે અનોખો પ્રેમ ધરાવતા રાજયસભાના સાંસદ તથા રિલાયન્સના પરિમલભાઈ નથવાણીની ભાજપના ઉમેદવાર પ્રત્યેની લાગણી તથા જહેમત નોંધપાત્ર બની રહી હતી. અહીંની વિધાનસભા બેઠક માટે ઉમેદવારી પત્ર ભરવાના દિવસે ટેકેદાર તરીકે શ્રી પરિમલભાઈ નથવાણીએ સાથે જોડાઈ અને ખંભાળિયા શહેર તથા આસપાસના વાડી વિસ્તારોમાં ભાજપના ઉમેદવાર માટે હકારાત્મક વાતાવરણ સર્જવા માટે તેમનો સિંહ ફાળો બની રહ્યો હતો. આમ, ચૂંટણીના પ્રારંભથી ગઈકાલે પરિણામના અંત બાદ વિજયસભામાં પણ ઉપસ્થિત રહેવા પરિમલભાઈ નથવાણી ખાસ ખંભાળિયા આવ્યા હતા અને તેમણે મુળુભાઈનું સન્માન કરી, શહેરના વિકાસ માટે મુળુભાઈનું યોગદાન મહત્વપૂર્ણ બની રહેશે તેવો આશાવાદ પણ મીડિયા સમક્ષ વ્યક્ત કર્યો હતો.

# ભારતમાં ઓછી આવક ધરાવતા સમુદાયોના બાળકોને પાયાનાં શિક્ષણમાં મદદ કરવા માટે એડટેક-ફોકસ્ડ એક્સેલરેટરનો પ્રારંભ

મુંબઈ, તા.૧૦

અગ્રણી બીન-નફાકારક અને પરોપકારી સંસ્થાઓના કોન્સોર્ટીયમ એડટેક એક્સેલરેટરનો પ્રારંભ બાળકોને ઘરે બેઠા પાયાના શિક્ષણ માટે મદદ કરવા માટે કરવામાં આવ્યો છે. આ કોન્સોર્ટીયમને સ્થાપક ભાગીદારો રિલાયન્સ ફાઉન્ડેશન અને યુ.બી.એસ. ઓપ્ટીમસ ફાઉન્ડેશનની નિપૂણતા અને સહાયનીસાથે સેન્ટ્રલ સ્કવેર ફાઉન્ડેશન દ્વારા અમલીકરણનો, બ્રિટીશ એશિયન ટ્રસ્ટનો ફંડ મેનેજર અને યુ.એસ. એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (એ.એસ.એ.આઈ.ડી.) માધ્યમથી યુ.એસ. ગવર્નમેન્ટનો ડિઝાઈન અને મનેજમેન્ટમાં ટેકનિકલ સહાયના સ્વરૂપમાં લાભ મળશે. એક્સેલરેટર ભારતમાં તમામ બાળકોમાં એફ.એલ.એન. લક્ષ્યાંકો સિધ્ધ કરવાના ભારત સરકારના નિપૂણ ભારત મિશન સાથેના સહયોગ **'Back-to-School Outcomes Fund'**નો આંતરીક ભાગ છે.

આ કાર્યક્રમ એવા એડટેક સોલ્યુશન્સને ટેકો આપવા માટે છે જે ઓછી આવક ધરાવતા તબકાનેપોષાય તેવી કિંમતે અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સોલ્યુશન્સ પૂરા પાડવા માંગે છે. તે સંસ્થાઓને પડકારોના ઉકેલ માટે નવું કરવા માટે અને શિક્ષણના તારણો, સિમાચિહ્નો અને અસરકારક ખર્ચના પૂરાવા તૈયાર કરવા અને તેનાથી મોટાપાયે ગુણવત્તાયુકત શિક્ષણની ઉપલબ્ધિને સુલભ બનાવા માટે શિક્ષણની ઈકોસિસ્ટમને સહાયરૂપ બનશે.

સંસ્થાઓને **www.edtechaccelerator.org.** ઉપર અરજી કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. એડટેક એક્સલરેટર જાન્યુઆરી ૮, ૨૦૨૩ સુધી અરજીઓ સ્વીકારશે.

# રાજુલા તાલુકાના વિકટર ગામે કોળી સમાજનાં પ્રથમ સમૂહલગ્ન યોજાયા

## સમુહલગ્નમાં ૨૯ જેટલા નવદંપતીએ પ્રભુતામાં પગલા માંડ્યા

રાજુલા, તા.૧૦

રાજુલા તાલુકાના વિકટર ગામે સમસ્ત કોળી સમાજ સમુહલગ્ન લગ્ન સમિતિ દ્વારા ઉત્સાહ પૂર્વક પ્રથમ સમુહલગ્ન ભવ્ય આયોજન કર્યું હતું. જેમાં મહંત મહેશદાસબાપુ, દેવેન્દ્રદાસબાપુ દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યકમની શરૂઆત કરી હતી અને ત્યારબાદ બાદ દેવેન્દ્રદાસબાપુ તથા ભક્તિરામબાપુ (માનવ મંદિર) દ્વારા આશીર્વચન પાઠવ્યા હતા અને આ સમુહલગ્નમાં જોડાનારા નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. આ સમુહલગ્નમાં ૨૯ જેટલા નવદંપતીએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ સમુહલગ્નને સફળ બનાવવા વિકટર ગામના કોળી સમાજના આગેવાનો અશોકભાઈ વાજા, મહેશભાઈ મકવાણા, રણછોડભાઈ બાંભણીયા, અજયભાઈ શિયાળ, હરેશભાઈ બાંભણીયા, શૈલેષભાઈ ચૌહાણ, આતુભાઈ જાદવ, એભલભાઈ શિયાળ, અશોકભાઈ મોલાડિયા સહિત આગેવાનો અને સમિતિના સભ્યો, સ્વયંસેવકો સહિતની ટીમએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ગૌ સેવા સમિતિ જામકંડોરણા અને માલધારી સમાજ દ્વારા

# જામકંડોરણા બેઠક ઉપર જંગી લીડથી જીતવા બદલ જયેશભાઈ રાદડીયાનું ફૂલહારથી સન્માન કરાયું

(હરપાસિંહ દ્વારા)

જામકંડોરણા, તા.૧૦



જેતપુર-જામકંડોરણા વિધાનસભામાં જયેશભાઈ રાદડીયા ૭૭૦૦૦ હજારની જંગી લીડથી ચૂંટાયા છે. જામકંડોરણામાં વિજય રેલી યોજવામાં આવી હતી. જેમાં બસ સ્ટેન્ડ ખાતે પહોચતા ગૌ સેવા સમિતિના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા પીપરડી અને માલધારી યુવા પ્રમુખ વિપુલભાઈ રબારી, ભરવાડ સમાજ પ્રમુખ હકાભાઈ ભરવાડ, ભાયાભાઈ રબારી સહિતના આગેવાનોએ જયેશભાઈ રાદડીયા, તાલુકા ભાજપ પ્રમુખ ચંદુભા ચોહાણ, ભાજપ અગ્રણી સુરેન્દ્રસિંહ વાળાનું ફૂલ હારથી સન્માન કર્યુ હતું. સાથે ગુમાનસિંહ ચુડાસમા, હરદેવસિંહ વાળા, ઉમેદસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, જીતેન્દ્રસિંહ વાળા, ભગીરથસિંહ જાડેજા, પ્રદીપસિંહ જાડેજા પીપરડી ઉપસ્થિત રહ્યા હતા.

# વર્ષ ૨૦૨૨ નો આખરી જેમીનીડસ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો

## બુધવારે તા. ૧૪ મી એ રાજકોટવાસીઓ ઉલ્કાવર્ષા અદ્દભુત જોઈ શકશે



અમદાવાદ, તા.૧૦

દુનિયાભરના લોકોએ ઓકટોબર – નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્દભૂત આનંદ મેળવ્યો હતો ત્યારે વર્ષા ૨૦૨૨ નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો ડિસેમ્બર તા.૭મીથી તા.૧૭ સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજકોટના નગરજનો તા.૧૪મી બુધવારે આકાશમાં ઉલ્કાવર્ષા આહલાદક જોઈ શકશે. રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા.૭મી થી ૧૭ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્દભૂત જોવા મળે છે.

દેશ–વિદેશમાં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૦૦ (એકસો) ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિના બિહામણા દ્રશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. તા.૭થી ક્રમશઃ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. તા.૧૪મીના રોજ ઈશાન ખૂણામાં રાત્રિના ૮–૩૩ કલાકથી રાત્રિના ૧૦–૩૦ કલાક સુધી ખૂબ જ સારી રીતે જેમીનીડીસ ઉલ્કાવર્ષા જોવા મળવાની છે જેમનું માન કલાકના ૧૪૮ રહેશે. જો કે તા. ૧૪ અને ૧૫ના રાત્રિના સવાર સુધી સૂર્યોદય પહેલા ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. રાજકોટના નગરજનો તા.૧૪મીના રોજ રાત્રિના ૦૮–૦૬ કલાકથી ઉદય તા.૧૫મીના રોજ રાત્રિના ૦૩–૧૪ કલાકે મધ્ય ભાગમાં આહલાદક ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે.

# રાજકોટ : લોહાણા સમાજનું ગૌરવ

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ, તા.૧૦



લોહાણા સમાજના અગ્રણી મુકેશભાઈ તન્ના (મેરેજ બ્યુરોવાળા)ના પૌત્ર ધ્યેય નિરવભાઈ રાયઠઠા રાજકોટની નામાંકિત સ્કુલ ધ વેસ્ટવુડ સ્કુલમાં ધો-૬માં અભ્યાસ કરતા હિન્દી ઓલ્મપીયડ એકઝામામાં ઓલ ઈન્ડીયામાં પ્રથમ ક્રમે ઉર્તિણ થયેલ છે. તેને દિલ્હીમાં પ્રધાનમંત્રી એવોર્ડ મળેલ છે તેમને દાદા દિલીપભાઈ, દાદી ભાવીકાબેન, પપ્પા નિરવભાઈ, મમ્મી ધરા, કાકા રોનક, કાકી કાજલ, મુકેશભાઈ તન્ના (મો.નં.૯૮૨૫૪ ૩૪૬૩૦) તથા લોહાણા પરીવાર તરફથી તેમજ સગા-સ્નેહીઓ, મિત્ર વર્તુળ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# સુત્રાપાડા પીજીવીસીએલની પેટા વિભાગની કચેરીનું સ્થળાંતર કરાયું

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૦

પીજીવીસીએલ હેઠળની સુત્રાપાડા પેટા વિભાગીય કચેરી મેઈન બજાર રોડ વિવેકાનંદ હાઈસ્કુલની બાજુમાં મર્કન્ટાઈલ બેન્કની સામે કાર્યરત હતી જે તા.૮/૧૨/૨૦૨૨ને ગુરૂવારથી ૬૬ કેવી સબ સ્ટેશન જેટકો ગ્રાઉન્ડ સુત્રાપાડામાં કાર્યરત થયેલ છે જેથી સુત્રાપાડા પે.વિ.કચેરીના માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, ઉપરોકત તારીખથી પીજીવીસીએલ સુત્રાપાડાને લગતી કોઈપણ જાતની કામગીરી અર્થે ઉપરોકત નવા સરનામાવાળી જગ્યાએ સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ઈરાનમાં જનતાની જીત એ કટ્ટરપંથીઓ માટે બોધપાઠ

ઈરાનમાં હિજાબ પ્રકરણ ઉપર જનતાની જીત થઈ છે. આ ધાર્મિક સરકારો અને કટ્ટરપંથીઓ માટે બોધપાઠ છે. આકરા જનવિરોધને કારણે ઈરાનમાં સરકારને મોરાલિટી પોલિસિંગ (નૈતિકતા પોલીસ)ને ખતમ કરવાનો ફેંસલો કરવો પડ્યો છે. ઈરાનમાં ગત ૧૬ સપ્ટેમ્બરે ૨૨ વર્ષની છાત્રા મહાસા અમીનીનું પોલીસ કસ્ટડીમાં મોત થયા બાદ હિજાબ વિરોધી પ્રદર્શન શરૂ થયાં હતાં. તેમાં અત્યાર સુધી લગભગ ૩૦૦ ઈરાનીઓનાં મોત થઈ ગયાં છે અને હજારોને જેલમાં નાખવામાં આવ્યા છે. આ મોરલ પોલીસનો ક્રૂર ચહેરો છે. ઈરાનની નૈતિક પોલીસ એ લોકો, ખાસ કરીને મહિલાઓ વિરૂધ્ધ સખત કાર્યવાહી કરે છે, જે દેશના ઈસ્લામી કાયદા પ્રમાણે કપડાં નથી પહેરતી અથવા કોઈપણ રીતે શરિયા કાનૂન તોડે છે. ભૂતકાળમાં મનપસંદ કપડાં પહેરવાની આઝાદી ધરાવતું એક પ્રગતિશીલ રાષ્ટ્ર હોવા છતાં ઈરાન ઈસ્લામિક રિપબ્લિક બન્યા બાદથી મહિલાઓ પર પ્રતિબંધો વધતા ગયા છે. હિજાબની અનિવાર્યતા પણ આ જ પ્રતિબંધનો હિસ્સો હતી.

જ્યારે આખી દુનિયા વિજ્ઞાન અને ટેકનિકના સહારે આગળ વધી રહી છે, એ દોરમાં સરકાર દ્વારા ધાર્મિક પ્રતિબંધોના નવા નવા રૂપને થોપવા વિટંબણા જ કહી શકાય. શિયા મુસ્લિમ અપેક્ષિત રીતે વધુ ઉદારવાદી અને પ્રગતિશીલ મનાય છે, એવામાં જ્યારે શિયા મુસ્લિમ બહુલ દેશ ઈરાનમાં હિજાબ વિરૂધ્ધ મહિલાઓનું દેશવ્યાપી પ્રદર્શન શરૂ થયું તો દુનિયાનું ધ્યાન ઈરાન સરકારની ઈસ્લામિક રૂઢિવાદીતા તરફ ગયું. આજે ઈરાનની શિક્ષિત મહિલાઓ ધાર્મિક પ્રતિબંધોને કારણે ત્યાં રહેવા નથી માંગતી.

હાલમાં જ ઈરાન સરકારે કહ્યું કે મોરાલિટી પોલિસિંગને જ્યુડિશિયરી સાથે કોઈ સંબંધ નથી, તેથી તેને ખતમ કરવામાં આવે છે, તો સવાલ એ છે કે આવું પહેલાં કેમ ન કરવામાં આવ્યું? કેમ ૩૦૦ લોકોએ પોતાના જીવ ગુમાવવા પડ્યા? તેમના મોતનું જવાબદાર કોણ છે? શું સરકાર એમ જ પોતાની મનમાનીઓ કરતી રહેશે? એ વાત સમજવી પડશે કે સરકાર કોઈપણ રૂપે અસ્તિત્વમાં આવે, તેણે પોતાની જનતાની આકાંક્ષા પ્રત્યે જવાબદાર રહેવું પડશે. ઈરાનમાં હિજાબની અનિવાર્યતા ૧૯૭૯ની ઈસ્લામી ક્રાંતિ બાદ લાગુ થઈ. અત્યારે ઈરાનની સરકારે ઝૂકવું પડ્યું છે. ભારતમાં પણ કોલેજમાં હિજાબ પહેરવા મુદ્દે પ્રદર્શનો થઈ ચૂક્યાં છે, ફરક એટલો છે કે અહીં કોલેજમાં હિજાબ સહિત ધાર્મિક પ્રતીક સંબંધી મનમાફક ડ્રેસ પહેરવા ઉપર પ્રતિબંધ છે. શિક્ષણ સંસ્થાના પોતાના ડ્રેસકોડ હોય છે. વિરોધાભાસ એ છે કે ભારતમાં ધાર્મિક ડ્રેસને લઈને આઝાદી છે, જ્યારે ઈરાનમાં મજહબના નામે કેટલાય પ્રકારના પ્રતિબંધો છે. આજે જરૂરિયાત ધાર્મિક સ્વતંત્રતાની છે, ધર્મ માણસાઈનો સંદેશ આપે છે, તે કોઈના ઉપર પ્રતિબંધ નથી લગાવતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પત્ની જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કારણરૂપ છે.

- માર્કેન્ડ પુરાણ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.તીર-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર વદ-૨, તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૨, શનિવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૧૫, આર્દ્રા નક્ષત્ર, શુક્લ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ બપોરે ૨:૫૯ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : વિઘ્નસભર દિવસ વિતે. ધીરજની કસોટી થાય.
વૃષભ: ગૃહવિવાદ, અપયશના ભોગ ન બનવું પડે તેની સાવચેતી રાખવી.
મિથુન: અગત્યની કામગીરી થાય. આનંદદાયક દિવસ વિતે. તાબિયત સંભાળવી.
કર્ક : ધાર્યું થાય નહિં. અગત્યની કામગીરીમાં રૂકાવટ આવે.
સિંહ: પ્રતિકૂળતા દૂર થાય. સ્નેહિથી મિલન, અગત્યના કાર્યમાં પ્રગતિ થાય.
કન્યા: વ્યર્થ કાર્યબોજ રહે. આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.
તુલા : વ્યર્થ માનસિક ચિંતા રહે. તાબિયત બાબતે સંભાળવું.
વૃશ્ચિક : આર્થિક સામસ્યા હળવી બને. ગૃહવિવાદના ભોગ ન બનાય તે જોવું.
ધન : ખર્ચ પર કાબુ રાખવો. કૌટુંબિક કાર્યમાં વ્યસ્તા રહેવાય.
મકર : મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મનોકામના પૂર્ણ થાય.
કુંભ : નવિન ઓળખાણથી લાભ. મન આનંદમય પ્રવૃતિમાં વ્યસ્ત રહે.
મીન : અગત્યની કામગીરીમાં લાભ થાય. આર્થિક સમસ્યાનો હલ થાય.

### ૨૯ વર્ષીય હાર્દિક સૌથી નાનો

# ભાજપના ચૂંટાયેલા ૧૨૯ MLA કરોડપતિ, ૨૭નો ગુનાહિત ઈતિહાસ

**નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાં ૯૩ ધારાસભ્ય ગ્રેજ્યુએટ કે તેનાથી વધુ ભણેલા છે, જેમાંથી સૌથી ૮૦ ધારાસભ્ય ભાજપના છે**



અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. આ પરિણામો સાથે જ ભાજપે ઐતિહાસિક જીત હાસલ કરી છે. ભાજપે ૧૫૬ બેઠકો, કોંગ્રેસ ૧૭, આપ ૫ અને અન્યને ૪ બેઠકો મળી છે. આવામાં આપણે નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાં સૌથી વધુ ભણેલા, ગુનાહિત ઈતિહાસ ધરાવતા ધારાસભ્ય, સૌથી નાના ધારાસભ્ય, સૌથી પૈસાદાર ધારાસભ્યની વાત કરીશું. નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાં ૯૩ ધારાસભ્ય ગ્રેજ્યુએટ કે તેનાથી વધુ ભણેલા છે. જેમાંથી સૌથી ૮૦ ધારાસભ્ય ભાજપના છે. ૧૦ ઉમેદવાર કોંગ્રેસના અને ૨ ઉમેદવાર આપના છે. ધોરણ ૧૧ અને ૧૨ સુધી ભણેલા હોય તેવા ૩૯ ધારાસભ્ય છે. ધોરણ ૧થી ૧૦ સુધી અભ્યાસ કર્યો હોય તેવા ૫૦ ધારાસભ્ય નવી વિધાનસભામાં જોવા મળશે. ગુનાહિત ઈતિહાસ ધરાવતાં ધારાસભ્યોની વાત કરીએ તો, ૪૦ ધારાસભ્યો એવા છે જેઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેમાં સૌથી ૨૭ ભાજપના, ૮ કોંગ્રેસના, ૨ આપના ઉમેદવારનો સમાવેશ થાય છે. ભાજપના વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ સામે સૌથી વધુ ૨૨ કેસ છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૭માં આવે ધારાસભ્યોની સંખ્યા ૪૭ હતી. ઉંમર પ્રમાણે ધારાસભ્યની વાત કરીએ તો, વિરમગામથી ભાજપના વિજેતા ઉમેદવાર હાર્દિક પટેલ ૨૯ વર્ષના છે. જ્યારે સૌથી મોટી ઉંમરના ધારાસભ્ય માંજલપુરના ૭૬ વર્ષીય યોગેશ પટેલ છે. ૩૦થી ઓછી ઉંમરમાં ભાજપના ૨ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. ૩૧થી ૬૦ વર્ષની વયજૂથના ૧૩૧ ધારાસભ્ય છે. જેમાં ભાજપના ૧૦૭, કોંગ્રેસના ૧૪ અને આપના ૦૫ ધારાસભ્ય છે. ૬૧ વર્ષની ઉપરના ૫૦ ધારાસભ્ય છે. જેમાં કોંગ્રેસના ૪૭ અને કોંગ્રેસના ૩ ધારાસભ્ય છે. ચૂંટાયેલા ૧૮૨ ધારાસભ્યમાં સૌથી પૈસાદાર ધારાસભ્ય ભાજપના માણસાના જયંતીભાઈ પટેલ છે. તેની સંપત્તિ ૬૬૧ કરોડ છે. સાથે જ સૌથી દેવાદાર ધારાસભ્યમાં પણ જયંતીભાઈ પટલે જ છે. તેમના માથે ૨૩૩ કરોડનું દેવું છે. જ્યારે સૌથી ઓછી સંપત્તિ ધરાવતાં ધારાસભ્ય આપના સુધીર વાઘાણી છે. તેઓ આપના ગારિયાધારના ધારાસભ્ય છે અને તેમની સંપત્તિ ૧૯ લાખ રૂપિયા છે. ઉપરાંત કોરડપતિ ધારાસભ્યમાં ભાજપના ૧૨૯ ધારાસભ્ય, કોંગ્રેસના ૧૩ અને આપના ૧ ધારાસભ્યનો સમાવેશ થાય છે.આવે તો તેના કારણે બાળકની માનસિક અને શારીરિક સ્થિતિ પર શું અસર પડશે તેની પણ જાણકારી હોવી જોઈએ.

# ૨૦૨૩થી ભારતીય રેલવે માટે UPSC દ્વારા અલગ પરીક્ષા યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૧૦

રેલ્વે મંત્રાલયે શુક્રવારે જાહેરાત કરી હતી કે ભારતીય રેલ્વે મેનેજમેન્ટ સર્વિસ (આઈઆરએમએસ) માટે નવી ભરતી ખાસ ડિઝાઈન કરાયેલ પરીક્ષા દ્વારા કરવામાં આવશે. તે ૨૦૨૩થી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા હાથ ધરવામાં આવશે. IRMS એ દ્વિસ્તરની પરીક્ષા હશે. તેમાં પ્રારંભિક સ્ક્રીનીંગ ત્યારબાદ મુખ્ય લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ લેવામાં આવશે. બીજા તબક્કાના ઉમેદવારોની સ્ક્રીનીંગ માટે એટલે કે IRMS મુખ્ય લેખિત પરીક્ષા માટે, પાત્રતા ધરાવતા ઉમેદવારોએ સિવિલ સર્વિસીસ પરીક્ષામાં હાજર રહેવું પડશે. IRMS (મુખ્ય) પરીક્ષામાં પરંપરાગત નિબંધ પ્રકારના પ્રશ્નોના ચાર પેપર હશે. ભાગ ૧માં બંધારણની આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ ભાષાઓમાંથી ઉમેદવાર દ્વારા પસંદ કરવામાં આવનાર ભારતીય ભાષાઓમાંથી એક માટે પેપર છ હશે. તે ૩૦૦ માર્ક્સના હશે. પેપરમાં ૩૦૦ માર્ક્સ અંગ્રેજી માટે હશે. ભાગ ૨માં ૨૫૦ ગુણ માટે વૈકલ્પિક વિષય ૧ અને ૨૫૦ ગુણ માટે વૈકલ્પિક વિષય ૨ હશે. તે પછી ભાગ ૩, જે ૧૦૦ ગુણની વ્યક્તિત્વ કસોટી હશે.

ઉમેદવારોને પસંદ કરવા માટેના વૈકલ્પિક વિષયો આ છે :

સિવિલ એન્જિનિયરિંગ, મેકેનિકલ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ, વાણિજ્ય અને એકાઉન્ટન્સી. ઉપરોક્ત પેપરોનો અભ્યાસક્રમ સિવિલ સર્વિસ પરીક્ષા જેવો સમાન જ રહેશે.

# નીતા અંબાણીએ મુંબઈમાં આવેલા ભારતના સૌથી આધુનિક કલ્ચરલ સેન્ટર અંગે પોતાનું વિઝન રજૂ કર્યું

**આ સેન્ટર ભારતના ભવ્ય વારસા અને પરંપરાને અંજલિ હોવાનું જણાવ્યું સ્ ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજ, NMACCના દરવાજા ત્રણ દિવસના અદભૂત પ્રોગ્રામ સાથે લોન્ચ થશે**



મુંબઈ, તા.૧૦

શુક્રવાર, ૩૧ માર્ચ ૨૦૨૩ : સિવિલાઈઝેશન ટુ નેશનઃ ધ જર્ની ઓફ અવર નેશનઃ ૨,૦૦૦ સીટર ગ્રાન્ડ થિયેટરમાં પ્રશંસનીય ભારતીય નાટ્યકાર અને દિગ્દર્શક ફિરોઝ અબ્બાસ ખાન પર્ફોર્મિંગ આર્ટ્સ માટેના પ્રાચીન સંસ્કૃત ગ્રંથ શાસ્ત્રીય નાટ્ય શાસ્ત્રના સિદ્ધાંતો દ્વારા જણાવવામાં આવેલા ભારતીય સંસ્કૃતિની સંવેદનાત્મક કથાને એકસાથે રજૂ કરશે. આ નાટકીય પ્રદર્શનમાં ૭૦૦થી વધુ કળાકારો ભાગ લેશે અને નૃત્ય, સંગીત તથા કઠપૂતળી જેવા કળા સ્વરૂપો દર્શાવે છે.

શનિવાર, ૧ એપ્રિલ ૨૦૨૩ : ફેશનમાં ભારતઃ ફેશનેબલ ઈમેજિનેશન પર ભારતીય પરિધાન અને વસ્ત્રની અસરઃ ધ વર્લ્ડ ઑફ ઈન્ટિરિયર્સના એડિટર-ઈન-ચીફ અને વોગ યુએસના ઈન્ટરનેશનલ એડિટર-એટ-લાર્જ તથા પ્રખ્યાત લેખક અને કોસ્ચ્યુમ નિષ્ણાત હેમિશ બાઉલ્સ દ્વારા સુશોભિત આ પ્રદર્શન ૧૮મી-૨૧મી સદીમાં ફેલાયેલી વૈશ્વિક ફેશન પર વસ્ત્ર, ઝવેરાત અને સપાટીના સુશોભનમાં ભારતની વ્યંગાત્મક પરંપરાઓની વ્યાપક અસર અને પ્રભાવની નિશાનીઓ રજૂ કરાશે. આ પ્રદર્શનની સાથે ભારતના વ્યાપક ઈતિહાસ અને વિશ્વભરની ફેશન પર પ્રથમ વખત તેની અસરનું દસ્તાવેજીકરણ કરતી રિઝોલી દ્વારા પ્રકાશિત કોફી ટેબલ બૂક છે પ્રસ્તુત કરવામાં આવશે.

રવિવાર, ૨ એપ્રિલ ૨૦૨૩ : સંગમ કોન્ફ્લુઅન્સઃ ભારતના અગ્રણી સાંસ્કૃતિક સિદ્ધાંતવાદી રણજિત હોસ્કોટ અને મ્યુઝિયમ ઓફ કન્ટેમ્પરરી આર્ટ (ર્ઁઝ્રછ), લોસ એન્જલસના ભૂતપૂર્વ ડિરેક્ટર તથા અમેરિકન ક્યુરેટર જેફરી ડીચ અને તેમના નામની ગેલેરીના સ્થાપક દ્વારા ક્યુરેટ કરાયેલા સંગમ કોન્ફ્લુઅન્સનો એક ગ્રૂપ આર્ટ શો છે જે વિવિધ સાંસ્કૃતિક બદલાવને સેલિબ્રેટ કરે છે. ૧૬,૦૦૦ ચોરસ ફૂટના આર્ટ હાઉસમાં આવેગ અને પરંપરાઓ. આ પ્રદર્શન, ચાર લેવલમાં ફેલાયેલું છે, ભારતથી પ્રભાવિત ૧૧ પ્રતિષ્ઠિત અને ઉભરતા ભારતીય સમકાલીન કળાકારો અને પશ્ચિમી કલાકારોની કૃતિઓ દ્વારા ભારતની વિવિધતાને ઉજાગર કરશે.

### મંદિર ઈ.સ.૧૨૦૦ ની આસપાસ બનાવવામાં આવ્યું હતું

# હિન્દુ-મુસ્લિમ બંને સમુદાયના લોકો કરે છે કેસરિયા કંવરજી દેવતાની પૂજા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૯



નાગૌરના બુધી ગામમાં કેસરિયા કંવરજીનું મંદિર છે. નિષ્ણાંતોના મતે આ મંદિર ઈ.સ.૧૨૦૦ ની આસપાસ બનાવવામાં આવ્યું હતું. પૌરાણિક કથાઓ અનુસાર, જો કોઈ વ્યક્તિને સાપ કરડે છે, તો અહીંના પૂજારી સાપનું ઝેર ચૂસી લે છે. કેસરીયન કંવરજી રાજસ્થાનના લોક દેવતા છે, જે ગોગાજીના પુત્ર છે. તેમને સાપના દેવતા તરીકે પણ પૂજવામાં આવે છે, તેમને સાપના દેવતા પણ કહેવામાં આવે છે. આ સાથે તેમને ઘોડા બાબા તરીકે પણ ઓળખવામાં આવે છે. મંદિરના પૂજારી ભંવરસિંહ રાવણ રાજપૂતે જણાવ્યું કે તેમણે અહીં ઘણા ચમત્કારો જોયા છે. ઘણા સમય પહેલા, એક વખત રાત્રે, તેમણે સ્વપ્નમાં ગોગાજી મહારાજની મૂર્તિ જોઈ હતી. આ સિવાય એક વખત ગામના કુંભારામ જાટની દીકરીને સાપ કરડ્યા બાદ મંદિરમાં લાવવામાં આવી ત્યારે મંદિરના પૂજારીએ તેના શરીરમાંથી ઝેર ચૂસી લીધું હતું. સ્થાનિક લોકોનું કહેવું છે કે તેઓએ અહીં ઘણા ચમત્કારો થતા જોયા છે. બુધી ગામ નાગૌર જિલ્લાના મુખ્ય મથકથી લગભગ ૨૦ કિલોમીટરના અંતરે આવેલું છે. આ ગામમાં સાપ કરડવા પર દર્દીને હોસ્પિટલ લઈ જવાને બદલે કેસરિયા કંવરજી મંદિરે લઈ જવામાં આવે છે. જ્યાં પૂજારી દ્વારા પીડિતના શરીરમાંથી ઝેર કાઢવા માટે, તંત્ર અને મંત્રોચ્ચાર દ્વારા ઝેરને મોંમાંથી ચૂસીને બહાર કાઢવામાં આવે છે. પાદરી ભંવરસિંહ કહે છે કે ઝેર કાઢતી વખતે તેમના શરીરમાં ઝેરની કોઈ અસર થતી નથી. દેશભરમાં આવા અનેક ધાર્મિક સ્થળો છે, જ્યાં હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયના લોકો સાથે મળીને પૂજા કરે છે. ચતુરદાસનું મંદિર, બુટી ધામ, રામદેવરા મંદિર, પોકરણ જેસલમેર રાજસ્થાનમાં જ છે. આ સાથે નાગૌરમાં કેસરિયા કંવરનું નાનું મંદિર છે. જે હિંદુ અને મુસ્લિમ બંને સમાજની એકતાનો દાખલો બેસાડે છે.

# 'મૃત્યુ પછી પણ ભેદભાવ' : ગુજરાતના ગામડાઓમાં દલિતો માટે અલગ સ્મશાન છે

અમદાવાદ તા.૧૦

ગુજરાતના અમદાવાદ જિલ્લાના દેકાવાડા ગામમાં મે ૨૦૨૨માં ચુનાભાઈ વાલ્મીકીનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું. તેમના પુત્રો રાજેશ અને સંજયને એક જગ્યાએ તેમના અંતિમ સંસ્કાર કરવા માટે ઊંડા પાણીમાંથી પસાર થવું પડ્યું હતું. આ ગામમાં દલિત સમુદાય માટે સ્મશાનની જમીન માનવામાં આવે છે. તેમના ઘરથી પાંચ કિમી દૂર દેકાવાડાની સીમમાં આવેલી જમીનના એક ઉજ્જડ ટુકડા તરફ જોતા સંજયે પૂછ્યું કે, શું તમને અહીં સ્મશાનગૃહ જેવું કંઈપણ દેખાય છે ? સંજયે કહ્યું કે, વિવિધ જ્ઞાતિના લોકો અલગ-અલગ સ્મશાનમાં જાય છે. ઠાકોરો, પટેલો, દેસાઈઓ અને દલિતો, બધા માટે અહીં અલગ-અલગ સ્મશાનગૃહો છે. ઉચ્ચ જાતિના લોકોના સ્મશાન સારી રીતે જાળવણી કરવામાં આવે છે જ્યારે દલિતોની હાલત દયનીય છે. દલિત સમુદાયના સશક્તિકરણ માટે કામ કરતી બિન-સરકારી સંસ્થા (એનજીઓ) દલિત ફાઉન્ડેશનના કાર્યકર કનુભાઈના જણાવ્યા મુજબ, સમગ્ર ગુજરાતમાં ગામડાઓમાં જાતિ આધારિત સ્મશાન એક સામાન્ય વાત છે. ઐતિહાસિક રીતે, અમારી પાસે વિવિધ જાતિ જૂથો માટે અલગ-અલગ સ્મશાનગૃહો હતા. મને ખબર નથી કે આવું ક્યારે શરૂ થયું. દલિતોના સ્મશાનગૃહોની હાલત ખરાબ છે જ્યારે ઉચ્ચ જાતિના લોકો પાસે તમામ પ્રકારની સુવિધાઓ છે. ક્વિન્ટે અમદાવાદના દેત્રોજ તાલુકાના રામપુરા, ઈન્દ્રપુરા, નાથપુરા અને દેકાવડા ગામની મુલાકાત લીધી હતી. આ દરેક ગામોમાં ઓછામાં ઓછા ૨-૩ સ્મશાનગૃહો અલગ-અલગ જ્ઞાતિ જૂથોના હતા. રાજેશ અને સંજય બંનેને આશા છે કે તેમના ગામમાં એક સામાન્ય સ્મશાન હોય. તેમણે કહ્યું કે, શહેરમાં આવું જ થાય છે ? દરેક જણ એક સામાન્ય સ્મશાનગૃહમાં જાય છે અને અમારા ગામમાં અમને કહેવામાં આવે છે કે અમે પટેલો અથવા અન્ય પ્રભાવશાળી જાતિઓ માટે બનાવેલા સ્મશાનનો ઉપયોગ કરી શકતા નથી. દેકાવાડાથી માત્ર ૮ કિમી દૂર આવેલા એક ગામ ઈન્દ્રપુરાના સરપંચ રાજીવ પટેલ, જયાં દલિત સ્મશાનગૃહનો ડમ્પયાર્ડ તરીકે ઉપયોગ કરવામાં આવે છે, તેમણે જણાવ્યું કે તેમને સામાન્ય સ્મશાનગૃહ અંગે કોઈ વાંધો નથી. ગામમાં દરેક માટે એક જ સ્મશાન હોય તો મને કોઈ વાંધો નથી. દેકાવાડાના રહેવાસી અને પાટીદાર સમુદાયના સભ્ય શૈલેષ પટેલે ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે તેમના ગામમાં વિવિધ જાતિના લોકો માટે અલગ કૂવા, સ્મશાન અને જાહેર જગ્યાઓ છે. અમે હંમેશા અલગ-અલગ જાતિના લોકો માટે અલગ જગ્યાઓ રાખી છે. અમે કંઈપણ બદલાય તેવું ઈચ્છતા નથી. આ સ્મશાનગૃહોની જાળવણી માટે કોણ જવાબદાર છે ગુજરાત સ્થિત દૈનિક દિવ્યભાસ્કર દ્વારા ૨૦૧૬ની આરટીઆઈ ક્વેરી મુજબ, રાજ્ય સરકાર અનુસૂચિત જાતિના લોકો માટે અલગ સ્મશાનગૃહ માટે ભંડોળ આપે છે. રાજીવ પટેલે ધ ક્વિન્ટને જણાવ્યું હતું કે ગામની જાહેર જગ્યાઓની જાળવણી માટે ગ્રામ પંચાયત જવાબદાર છે. ગયા વર્ષે મેં ગામમાં પાટીદાર સ્મશાનગૃહની બાઉન્ડ્રી વોલ બનાવી હતી. હવે હું દલિત સમુદાયના સ્મશાનગૃહને નવીકરણ કરવાની યોજના બનાવી રહ્યો છું. ૧૦ વર્ષથી ગામના સરપંચ રહેલા પટેલને સ્મશાનગૃહનો ડમ્પયાર્ડ તરીકે ઉપયોગ થતો હોવાની જાણ હતી.

# ચૂંટણી પરિણામ ૨૦૨૨ : મોંઘવારી, બેરોજગારી હવે ચૂંટણી મુદ્દા રહ્યા નથી

## મોદી મેજિક અને ભાજપના ચૂંટણી વ્યૂહ સામે વિપક્ષના તમામ દિગ્ગજોના પના ટૂંકા પડ્યા

અમદાવાદ, તા.૧૦ ગુરૂવારે જાહેરા થયેલા ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં ભાજપ ઐતિહાસિક જીત નોંધાવવા તરફ અગ્રેસર છે. ચૂંટણી પરિણોમોને જોતા જણાય છે કે, મતદારો ઉપર આમ આદમી પાર્ટીની રેવડી અને કોંગ્રેસના વચનોની કોઈ અસર થઈ નથી. એટલું જ નહીં મોદી મેજિક સામે મોંઘવારી, બેરોજગારી વગેરે જેવા પ્રજાલક્ષી મુદ્દા પણ હાવી થઈ શકયા નહીં અને ભાજપને પંજાને વાળીનો ચૂર-ચૂર કરી નાંખ્યો છે. અગાઉની ચૂંટણીઓમાં મોંઘવારી, બેરોજગારી, સસ્તું શિક્ષણ અને મેડિકલ વગેરે જેવી પ્રજાલક્ષી બાબતો કેન્દ્ર સ્થાને રહેતા હતા. રાંધણગેસના બાટલાની કિંમત રૂા.૧૧૦૦, પેટ્રોલની કિંમત રૂા.૧૦૦ને પાર જેવા મુદ્દાને વિપક્ષ અસરકારક રીતે ઉઠાવી શકયું નહીં. આ ચૂંટણી મુદ્દા શૂન્ય જણાતી હતી છતાં ભાજપ ઐતિહાસિક જીત મેળવવામાં સફળ રહ્યો છે. સામે છેડે વિપક્ષના સૂપડા સાફ થઈ ગયા છે. વર્ષ ૨૦૧૪માં ભાજપે મોંઘવારી, બેરોજગારી, રૂપિયાની ઘટતી કિંમત, શિક્ષણ વગેરે જેવી પ્રજાલક્ષી બાબતોને ચૂંટણી મુદ્દામાં સામેલ કરી દિલ્હીની રાજગાદી હાંસલ કરી હતી. તે સમયે ભાજપે અસરકારક રીતે આ મુદ્દા ઉઠાવ્યા હતા અને લોકોના માનસ ઉપર કોંગ્રેસ વિરોધી જોરદાર છાપ ઉભી કરી હતી જેનું પરિણામ ભાજપને મળ્યું પણ ખરી. જો કે કોંગ્રેસ એટલી અસરકારક રીતે મોંઘવારીનો મુદ્દો ઉઠાવી શકી નથી અથવા હવે પ્રજા માટે મોંઘવારી, બેરોજગારી વગેરે ચૂંટણી મુદ્દા રહ્યાં નથી. ગુજરાતમાં જે રીતે પરિણામ આવ્યા છે તે જોતા વિપક્ષની ભૂમિકા સામે જ પ્રશ્નાર્થ લાગી ગયો છે અને ગુજરાતમાં તો કોંગ્રેસ માટે અસ્તિત્વનો પ્રશ્ન થઈ ગયો છે. વિપક્ષે અવારનાર તેલના ડબ્બાનો ભાવ રૂા. ત્રણ હજાર, મોંઘા પેટ્રોલ અને રાંધણ ગેસના બાટલાનો મુદ્દો ઉઠાવ્યો હતો. છતાં આ મુદ્દા પરિણામ બદલી શકયા નહીં. મોંઘવારી અનો બેરોજગારીની ગંભીર સમસ્યા હોવા છતાં પ્રજાએ ફરી એક વખત પરિવર્તનનો બદલે પુનરાવર્તનને પસંદ કર્યું છે. આમ આદમી પાર્ટીએ વીજળી, શિક્ષણ વગેરે જેવી વસ્તુઓ મફત કરવાની જાહેરાત કરી હતી. સામે કોંગ્રેસે પણ આવી જ રાહતોની ઘોષણા કરી હતી. કોંગ્રેસે રાંધણ ગેસનો બાટલો સસ્તો કરવાની, બાળાઓને મફત શિક્ષણ, દસ લાખ સુધીની સારવાર મફત કરવાનો વગેરે જેવા વચનો આપ્યા હતા છતાં મતદારોને આકર્ષી શકયા ન હતા. ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરામાં વિકાસ અને સુરક્ષાની વાત કરી હતી અને આ બાબતને ચૂંટણી મુદ્દો બનાવી ઝંપ લાવ્યું હતું. ગુજરાતના ચૂંટણી પરિણામોને જોતા લાગી રહ્યું છે કે, હવે ગુજરાતમાં પ્રજા માટે મોંઘા તેલ, પેટ્રોલ, નોકરીની અછત મુદ્દા નથી, માટે જો ભાજપ સિવાયના રાજકીય પક્ષોએ પોતાનું અસ્તિત્વ બચાવવું હોય તો જમીન ઉપર મહેનત કરી પ્રજાની નાડ પારખવી પડશે.

# બીજા તબક્કામાં ધીમું મતદાન અને પાંચ વાગ્યા બાદ ૧૬.૩૪ લાખ લોકોએ કરેલા વોટિંગની પરિણામ ઉપર અસર ?

## શા માટે ધીમું મતદાન થતું હતું અને પાંચ વાગ્યા બાદ થયેલા વોટિંગથી કોને સૌથી વધુ લાભ થયો, તે ચર્ચાતો મોટો સવાલ

અમદાવાદ, તા.૧૦ ગુરૂવારે હાઈવોલ્ટેજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. જેમાં ભાજપનો ઐતિહાસિક જીત મળી હતી. જયારે કોંગ્રેસ નામશેષ થઈ હતી. આમ આદમી પાર્ટી પણ વધુ કંઈ ઉકાળી શકી ન હતી. જે રીતના પરિણામો જાહેર થયા છે તે એક્ઝિટ પોલથી પણ વિપરીત છે. ભાજપે ગુજરાતમાં સૌ પ્રથમ વખત રેકોર્ડ બેઠકો મેળવી માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તોડ્યો હતો. જો કે આ પરિણામ જાહેર થવા સાથે એ ચર્ચાએ પણ જોર પકડ્યું છે કે, બીજા તબક્કાના મતદાનનો સમય પૂર્ણ થઈ ગયા પછી ચાલેલા બે કલાક સુધીના મતદાને કોને લાભ કરાવ્યો છે. બીજા તબક્કામાં પાંચ વાગ્યા પછી ૧૬.૩૪ લાખ લોકોએ મતદાન કર્યું હતું. આ અગાઉ એવી ફરિયાદો પણ ઊઠી હતી કે, બીજા તબક્કાના મતદાન સમયે એક મત નાંખવામાં પાંચથી સાત મિનિટનો સમય થયો હતો. સામાન્ય રીતે એક મત નાંખવામાં એકથી દોઢ મિનિટનો સમય થાય છે. ત્યારે હવે સૌથી મોટો સવાલ એ પેદા થાય છે કે, મતદાનમાં આટલો સમય શા માટે કરવામાં આવ્યો હતો અને કોન લાભ કરાવવા માટે કરવામાં આવ્યો હતો ?, એટલું જ નહીં પાંચ વાગ્યા પછી થયેલું મતદાન કોને લાભદાયી નીવડ્યું ? ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે બીજા તબક્કામાં ૯૩ બેઠકો ઉપર મતદાન યોજાયું હતું. બીજા તબક્કાના મતદાનના દિવસ સોમવારે સાંજે પાંચ કલાકે મતદાન પૂર્ણ થવાની અવધિએ ઈલેકશન કમિશનર ઓફ ઈન્ડિયાના ટર્નઆઉટ એપ્લિકેશનમાં સરેરાશ ૫૮.૮૦ ટકા મતદાન થયાનું ઠેઠ સાંજે સાત વાગ્યા સુધી જાહેર થતું રહ્યું હતું. તેમાં સતત નવા ડેટા અપલોડ થતા મતદાન વધીને ૬૨ ટકાને પાર થયું હતું. બીજા દિવસે ચૂંટણી પંચે ફાઈનલ વોટિંગમાં ૬.૫૦ ટકાનો વધારો જાહેર કર્યો હતો. જેથી અંદાજ મુજબ બીજા તબક્કના મતદાનના દિવસે સાંજે પાંચ વાગ્યા બાદ ૧૬.૩૪ લાખથી વધુ મતદારોએ મતદાનનો ઉપયોગ કર્યો હતો. આ દિવસે ઘણાં મતદારોએ પણ ધીમું મતદાન થતું હોવાની ફરિયાદ કરી હતી. તેમજ કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોરે પણ ધીમા મતદાન અંગે ફરિયાદ કરી હતી. ત્યારે આ ધીમું મતદાન અને બીજા તબક્કાના મતદાનના સમય પાંચ વાગ્યા બાદ ૧૬.૩૪ લાખ લોકોએ મતદાન કર્યાનું જાહેર થતાં તેનો લાભ કોને થયો તે સૌથી મોટો સવાલ છે ?

# ભારતની ધીમી ઉત્પાદન વૃદ્ધિ એ એક દાયકા જૂની સમસ્યા છે



નવી દીલ્હી તા.૧૦ તાજેતરના ત્રિમાસિક અનુમાન મુજબ, ૨૦૨૨-૨૩ના સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતનો વિકાસ દર ધીમો પડીને ૬.૩% થયો હતો. મેન્યુફેક્ચરિંગના ઉત્પાદનમાં આ નોંધપાત્ર ઘટાડો છે જે ઓછી વૃદ્ધિ દર્શાવે છે. ત્રિમાસિક વૃદ્ધિ અંદાજો અર્થતંત્રની વાસ્તવિક સ્થિતિને જાહેર કરી શકતા નથી. જીડીપીના ત્રિમાસિક અંદાજો પ્રાથમિક, પ્રારંભિક-તબક્કાના અંદાજો છે જે મર્યાદિત માહિતી દ્વારા ગણવામાં આવે છે. તેમ છતાં, આ અંદાજો ભારતના વિકાસના માર્ગમાં, એક દાયકાથી વધુ સમયથી, સ્થાનિક ખાનગી રોકાણનું સ્તર સતત નીચું રહ્યું છે અને ઘરેલું ઉત્પાદન વૃદ્ધિ પણ દર્શાવે છે. આ વલણો માટે સ્થાનિક પરિબળોને સમજવાની જરૂર છે: વપરાશની માંગ ટોચના ૫% ભદ્ર વર્ગમાં છે; નાણાકીય પ્રણાલીમાં ક્રેડિટ ફ્રીઝ, વધતી એનપીએ, નબળી-ક્રેડિટ સાયકલ વધુ ખરાબ થઈ છે; બિન-ખેતી સેગમેન્ટમાં ઓછું વેતન, કર્મચારીઓમાં ઉચ્ચ લિંગ અસમાનતા અને નિકાસની ઓછી માંગ, આ સામૂહિક રીતે ભારતના ઉત્પાદન ઉપર અસર કરે છે. ભારતના લાંબા ગાળાના ઉત્પાદન મંદીના વિરોધાભાસી ઐતિહાસિક સંદર્ભ મુજબ, ૧૯૬૦ના દાયકાથી, અમારી ટીમે ભારતની તુલનાના સાપેક્ષ રીતે, તમામ ઉભરતા બજાર અર્થતંત્રો અને કેટલાક ઔદ્યોગિક રાષ્ટ્રોના જીડીપી સ્તરના ઉત્પાદનનું અવલોકન કર્યું હતું. જીડીપીની ટકાવારી મુજબ ભારતની એકંદર ઉત્પાદન વૃદ્ધિ ૬૦ વર્ષોમાં સ્થિર રહી હતી. જ્યારે આર્જેન્ટિના અને બ્રાઝિલ જેવા રાષ્ટ્રોએ ૧૯૭૦ અને ૮૦ના દાયકાની શરૂઆતમાં ઉચ્ચ સ્થાને હતા અને દક્ષિણ કોરિયા અને બાંગ્લાદેશ જેવા અન્ય દેશોમાં પણ દાયકાઓથી આ દરમાં વધારો થયો છે. બાંગ્લાદેશની પાછલા દાયકાની વૃદ્ધિ ખાસ કરીને મેન્યુફેક્ચરિંગના ઉદય સાથે વધી રહી છે, જે માથાદીઠ આવકમાં પણ વધારો કરવામાં મદદ કરે છે. છેલ્લા એક દાયકામાં ખાસ કરીને ૨૦૦૭-૦૮ની કટોકટી પછી ચીનની મેન્યુફેક્ચરિંગ તીવ્રતા નબળી પડી છે. ભારત મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ઓછી ઉત્પાદકતાના સંકટનો સામનો કરી રહ્યું છે. ૧૯૬૦ના દાયકાથી જીડીપી સ્તરો ઉપર તેનું ઉત્પાદન લગભગ સમાન રહ્યું છે, જોકે મોટાભાગના કામદારો કૃષિ પછી, નાના-મધ્યમ-પાયે ઉત્પાદન, ખાસ કરીને MSME ક્ષેત્ર સાથે જોડાયેલા ક્ષેત્રોમાં રોકાયેલા છે. મેક્રો-મેન્યુફેક્ચરિંગ સ્તરે, ભારતમાં વિકાસશીલ રાષ્ટ્ર વિકાસના શ્રેષ્ઠ દરને પ્રાપ્ત કરતા પહેલા તેના ઉત્પાદન-જીડીપી ગુણોત્તરમાં કેવી રીતે અચાનક ઘટાડો થાય છે તેનું વિશ્લેષણ કરવું જરૂરી છે. ઉદાહરણ તરીકે, ૧૯૮૮માં, સમગ્ર વિશ્વ માટે, જીડીપીમાં ઉત્પાદનનો ટોચનો હિસ્સો સરેરાશ ૩૦.૫% હતો અને તે $21,700ના માથાદીઠ જીડીપી સ્તરે હતો. ૨૦૧૦ સુધીમાં, ઉત્પાદનનો ટોચનો હિસ્સો ૨૧% (લગભગ ત્રીજા ભાગનો ઘટાડો) $12,200ના સ્તરે (લગભગ ૪૫%નો ઘટાડો) હતો. મોદી સરકારની પર્ફોર્મન્સ લિંકડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાનો ઉદ્દેશ્ય ઉત્પાદન પ્રવૃત્તિઓમાં સ્થાનિક ખાનગી રોકાણને વધારવાનો છે. જો કે, મોટાભાગના ક્ષેત્રોમાં તેનો પ્રતિસાદ સંતોષકારક રહ્યો નથી. મોદી સરકાર માટે હવે વાસ્તવિક પ્રશ્ન છે કે, શું તે એવા ક્ષેત્રમાં સપ્લાય- સાઈડ પોલિસી દરમ્યાનગીરીઓ ચાલુ રાખશે જેણે તેની સ્પર્ધાત્મક ધાર લાંબા સમય પહેલા ગુમાવી દીધી છે ? જે કેટલાક કિસ્સાઓમાં ખોટી નીતિ અગ્રતાના કારણે પણ છે, અથવા હજુ પણ સરકાર આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે ?

# ૨૦૨૨માં હવામાનનું આક્રમક સ્વરૂપ : ભારતમાં વીજળી પડવાથી ૯૦૭ લોકોનાં મોત થયા છે



નવી દિલ્હી તા.૧૦ ભારતમાં આ વર્ષે હીટવેવ અને વીજળી પડવા જેવી આત્યંતિક હવામાન ઘટનાઓમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો અને તે સંબંધિત મૃત્યુ ત્રણ વર્ષમાં સૌથી વધુ હતા. બુધવારે બહાર પાડવામાં આવેલ સરકારી ડેટા દર્શાવે છે કે, વૈજ્ઞાનિકોએ આ ભારે મૃત્યુઆંક માટે આબોહવા પરિવર્તનને જવાબદાર ઠેરવ્યું છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે સંસદને આપેલા અહેવાલમાં જણાવ્યું હતું કે, આ વર્ષે લગભગ આઠ ગણા હીટવેવ્સ હતા, કુલ ૨૭, અને વીજળી પડવાની ઘટનાઓ ૧૧૧ કરતા વધુ હતી, જેમાં ૯૦૭ લોકો માર્યા ગયા હતા. વાવાઝોડાની સંખ્યા પાંચ ગણી વધીને ૨૪૦ થઈ છે. ગયા મહિના સુધી આવી ઘટનાઓને કારણે આ વર્ષે ૨,૧૮૩ મૃત્યુ ૨૦૧૯ના ૩,૦૧૭ પછી સૌથી વધુ હતા. આ વર્ષે ૭૮% મૃત્યુ માટે વીજળી અને પૂર અને ભારે વરસાદ જવાબદાર છે. ભારતમાં આ ચોમાસાની મોસમ દરમ્યાન તાપમાન આ સદીમાં સૌથી વધુ વધ્યું છે અને દેશમાં ભવિષ્યમાં વધુ અને વારંવાર હીટવેવ જોવા મળી શકે છે, સરકારે ઓગસ્ટમાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું કાર્બન પ્રદૂષક છે, જોકે તેનું માથાદીઠ ઉત્સર્જન ઘણા વિકસિત દેશો કરતાં ઘણું ઓછું છે. લગભગ ૧.૪ બિલિયનની વસ્તી ધરાવતા ભારતમાં માર્ચ અને એપ્રિલ અને મેમાં તાપમાન અસામાન્ય રીતે ઊંચું હતું, જે મુખ્યત્વે આબોહવા પરિવર્તનને કારણે હતું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કહે છે કે ૧૯૯૮-૨૦૧૭ સુધીમાં, વૈશ્વિક સ્તરે હીટવેવને કારણે ૧૬૬,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. તે કહે છે કે ૨૦૩૦ અને ૨૦૫૦ની વચ્ચે, આબોહવા પરિવર્તનને કારણે કુપોષણ, મેલેરિયા, ઝાડા અને ગરમીના તણાવથી દર વર્ષે લગભગ ૨૫૦,૦૦૦ વધારાના મૃત્યુ થવાની ધારણા છે. ભારતના પશ્ચિમી પડોશી પાકિસ્તાનમાં લોકોને આ વર્ષે વિનાશક પૂરનો સામનો કરવો પડ્યો હતો. જેણે દેશના ત્રીજા ભાગને અસર કરી હતી અને તેમાં ૧,૫૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને લાખો લોકોને તેની અસર થઈ હતી

# વાયુ પ્રદૂષણને લીધે ધૂમ્રપાન ન કરનારાઓમાં પણ ફેફસાંના કેન્સરનું જોખમ વધી રહ્યું છે : નિષ્ણાંત

મુંબઈ તા.૧૦ દેશમાં વાયુ પ્રદૂષણને લીધે ધૂમ્રપાન ન કરનારાઓમાં પણ ફેફસાંના કેન્સરનું જોખમ વધી રહ્યું છે અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચેસ્ટ ઓન્કો-સર્જરી એન્ડ લંગ ટ્રાન્સપ્લાન્ટેશન, મેદાંતા રોબોટિક ઈન્સ્ટિટ્યૂટ મેદાંતા હોસ્પિટલ, ગુરૂગ્રામના અધ્યક્ષ ડૉ. અરવિંદકુમાર કહે છે કે, જો આવી જ પરિસ્થિતિ રહેશે તો ફેફસાંના કેન્સરની બીમારી એક મહામારી બની શકે છે. શિયાળાના મહિનાઓ શરૂ થાય છે તો પ્રદૂષણ સમગ્ર દેશમાં અને ખાસ કરીને દિલ્હી અને તેની આસપાસ વધે છે. આપણે વારંવાર AQI, PM2.5, ધુમ્મસ અને હવાનું પ્રદૂષણ આપણા સ્વાસ્થ્ય માટે કેવી રીતે ખરાબ છે તેની વાતો સાંભળીએ છીએ. પરંતુ તે આપણા શરીર ઉપર કેવી અસર કરે છે તે દર્શાવવા માટે શું આપણી પાસે કોઈ ડેટા છે ? FIT સાથે વાત કરતાં, ડૉ.અરવિંદકુમારે તેમની ટીમ દ્વારા તેમના ફેફસાંના કેન્સરવાળા ૩૦૦ દર્દીઓના ડેટાનું પૃથ્થકરણ કરતી તાજેતરમાં એક અભ્યાસ કર્યો હતો. ડૉ.અરવિંદકુમારે કહ્યું કે, અમે છેલ્લા ૧૦ વર્ષમાં જે દર્દીઓનું ઓપરેશન કર્યું છે તેના ચાર્ટ્સમાં તેમના કેટલાક પરિણામો જોયા હતા અને અમને જે જાણવા મળ્યું તે આશ્ચર્યજનક હતું. ડૉ અરવિંદકુમાર કહે છે કે, જ્યારે હું એક વિદ્યાર્થી હતો, ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે ફેફસાંનું કેન્સર વૃદ્ધો, ધૂમ્રપાન કરનારાઓ અને પુરૂષોનો રોગ છે. પુરૂષોમાં, આજે તે નંબર વન કેન્સર છે,

# ગુજરાતના મોડલ ડેરી ઉદ્યોગે એક સમયે દેશને અમૂલ આપ્યું હતું - પરંતુ આજે તે ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યું છે

રાયબેન પટેલના ચહેરા ઉપરના હાવભાવએ સ્પષ્ટ કર્યું કે તેમના પતિ અમૃતભાઈ પટેલે જેમ વેપાર વિષે વાત કરે છે તેમ તેમની ધીરજ ઓછી થતી જાય છે. તેણીએ મને કહ્યું, "તમે ક્યારેય સમજી શકશો નહીં કે અમે કેટલી મહેનત કરીએ છીએ, અમે દરરોજ સવારે ચાર વાગ્યે શરૂ કરીએ છીએ, તેમ છતાં તે પૂરતું નથી." રાયબેન અને અમૃતભાઈ પટેલ ખેડૂત છે. તેઓ પાલનપુરના વહીવટી મથકથી લગભગ ૨૫ કિમી દૂર બનાસકાંઠાના કુંભાસણ ગામમાં તેમની મોટાભાગની પાંચ વીઘા જમીનમાં એરંડા ઉગાડે છે. પરંતુ એરંડા તેમનું પૂરૂં કરી શકતું નથી. ઉત્તર ગુજરાતના હજારો ખેડૂતોની જેમ, તેમની આવકનો પ્રાથમિક સ્રોત દૂધ વેચવાથી આવે છે. આ દંપતી પાસે ત્રણ ગાય અને બે ભેંસ છે. દાયકાઓથી, ઉત્તર ગુજરાતના ગ્રામીણ રહેવાસીઓના મોટા વર્ગ માટે ડેરી ફાર્મિંગ એ એક સ્થિર અને એકદમ ઉચ્ચ વળતરનો વ્યવસાય છે. લાભદાયી સહકારી પ્રણાલી સાથે ગોઠવાયેલા, ભારતના કૃષિ ક્ષેત્રની નિચલી શ્રેણીને આગળ વધારવા માટે વિસ્તારના ડેરી ખેડૂતોની વારંવાર પ્રશંસા કરવામાં આવે છે. ટૂંકમાં, રાયબેન પટેલે જે કમ્મરતોડ કલાકો વિશે ફરિયાદ કરી હતી એટલે સુધી કે તે પરિવારના ગોવાળના ઓરડામાં સૂઈ રહેતી હતી મોટાભાગે તે મૂલ્યવાન હતું.

### શું શ્રેષ્ઠ દિવસો પૂરા થયા ?

જો કે, તે બદલાવાની શરૂઆત થઈ શકે છે. તેણીએ કહ્યું, "અગાઉ જો અમે સખત મહેનત કરતા, તો અમે સારી રીતે જીવી શકતા, હવે એવું નથી રહ્યું, સારા દિવસો પૂરા થઈ ગયા છે." ગુજરાતના બહુચર્ચિત ડેરી ઉદ્યોગ વિશે અંધકારમય દૃષ્ટિકોણ શેર કરનાર માત્ર રાયબેન પટેલ જ નહોતા. બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના ઘણા ગામડાઓમાં મને મળેલા લગભગ દરેક ડેરી ખેડૂતે રાજ્યમાં દૂધના સૌથી વધુ ઉત્પાદકો પૈકીના છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં નફામાં તીવ્ર ઘટાડાની વાત કરી છે, જે વધતા રોકાણ ખર્ચને આભારી છે. મહેસાણાના ખારવાડા ગામના ૮૨ વર્ષીય ખેડૂત પ્રવીણભાઈ ચૌધરીએ કડવી ટિપ્પણી કરી હતી કે, "હવે ડેરીમાંથી એકમાત્ર નફો બચ્યો છે તે હકીકત એ છે કે પશુઓ જે શૌચ કરે છે તેનો ખેતરોમાં મફત ખાતર તરીકે ઉપયોગ કરી શકાય છે."

### એક ગ્રામીણ એન્જિન ગૂંચવાયું

ડેરી ઉદ્યોગને ઘણીવાર ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ તરીકે વર્ણવવામાં આવે છે. આ અતિશયોક્તિ નથી. લગભગ ૪૦ લાખ ગ્રામીણ ગુજરાતીઓ ૧૮,૬૦૦ ગામડાની દૂધ મંડળીઓનો હિસ્સો છે જે ૧૮ જિલ્લા સહકારી એકમોને તેમની પેદાશો સપ્લાય કરે છે જેમાં ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનો સમાવેશ થાય છે જે સર્વવ્યાપક અમૂલ બ્રાન્ડના માલિક છે. ઉત્તર બનાસકાંઠાના થાવર ગામની દૂધ મંડળી રાજયમાં સૌથી વધુ ઉત્પાદક તરીકે ઓળખાય છે. તે દરરોજ બનાસ ડેરીને ૫૫,૦૦૦ લિટર કરતાં વધુ દૂધ પૂરૂં પાડે છે સારા દિવસોમાં, તે ૭૦,૦૦૦ લિટર સુધી જાય છે જે ૧૮ જિલ્લા સહકારી એકમોમાં સૌથી મોટી છે. જ્યારે હું સોસાયટીના સેક્રેટરી જગદીશભાઈ ચૌધરીને ગામની ડેરીમાં મળ્યો, જે અનિવાર્યપણે જથ્થાબંધ કૂલિંગ યુનિટ સાથેનું એક કલેક્શન સેન્ટર હતું, ત્યારે તેઓ સ્થિતિ વિશે અસ્પષ્ટ દેખાયા. તેમણે કહ્યું, "અમે સમસ્યાઓથી ઘેરાયેલા છીએ, ઘાસ-ચારાની કિંમત બમણી થઈ ગઈ છે, પાણીની તીવ્ર અછત છે. અમારા ખેડૂતો આ દિવસોમાં ભાગ્યે જ નફો મળવી શકે છે. તેમણે નિરાશાજનક નોંધમાં ઉમેર્યું, "અમે ફક્ત આ ધંધામાં જ છીએ કારણ કે અમે આના સિવાય બીજો કોઈ ધંધો જાણતા નથી." સમગ્ર બનાસકાંઠા અને મહેસાણામાં, આ એક પુનરાવર્તિત લાગણી છે રોકાણ ખર્ચમાં વધારો સંકટના કેન્દ્રમાં ઘાસચારા અને ખોરાકના ભાવમાં આસમાની વૃદ્ધિ છે. મહેસાણામાં બાબુભાઈ ચૌધરીએ ધીરજપૂર્વક મને અંદરની વાત કહી. સંદર્ભ માટે સૂકા જુવારના ચારાનું બંડલ પકડીને લગભગ એક કિલો વજનનું -તેણે આક્રોશપૂર્વક કહ્યું કે તેની કિંમત અત્યારે ૨૭ રૂપિયા છે. ચાર વર્ષ પહેલાં, તે ૧૨ રૂપિયા હતી." પછી, પ્રોસેસ્ડ પશુ આહાર તેને મેળવવો પડે છે. તેણે કહ્યું, "હવે મારે આ ૭૦ કિલોની થેલી માટે ૧,૬૦૦ રૂપિયા ચૂકવવા પડે છે, ૨૦૧૮માં આ મને ૯૪૦ રૂપિયામાં પડતી હતી." તેણે કહ્યું કે તેના દૂધ માટે તેને જે ભાવ મળે છે, તે પ્રમાણસર વધ્યો નથી. તેણે કહ્યું, "તે સમયે તે ૨૫ રૂપિયા હતો, હવે તે સરેરાશ ૩૨ રૂપિયા છે, તમે ગણિત કરી શકો છો અને અંદાજ લગાવી શકો છો કે હું કેટલો નફો કમાઈ રહ્યો છું."

### સુકાયેલી જમીન

ડેરી ખેડૂતો, ખાસ કરીને બનાસકાંઠા જિલ્લામાં, કહે છે કે પાણીની અછત એક સમસ્યા જે દિવસેને દિવસે તીવ્રતામાં વધી રહી છે તેના કારણે તેમની મુશ્કેલીઓ ઘણી વધી ગઈ છે. રાજસ્થાનની નજીક આવેલા કોટડા ઢાકા ગામમાં જેસુંગ ચૌધરીએ કહ્યું પૂરતું પાણી ન મળવાથી ચારો જે આ પહેલા હું પોતે ઉગાડતો હતો તે હવે ખરીદવો પડે છે. તેણે કહ્યું, "૧૪ વર્ષ પહેલાં, અમારૂં બોરિંગ ૩૫૦ ફૂટ પર હતું, હવે તે ૧,૦૦૦ ફૂટ ઉપર છે, અમે હવે ગાયોને ખવડાવવા માટે ભાગ્યે જ કંઈ ઉગાડી શકીએ છીએ." ગાય ઉછેર એ એક તીવ્ર પાણી-સઘન પ્રવૃત્તિ છે. ઉત્તર ગુજરાતના ખેડૂતોના જણાવ્યા અનુસાર, એક લિટર દૂધનું ઉત્પાદન કરવા માટે ઓછામાં ઓછું ૭૦૦ લિટર પાણીની જરૂર પડે છે. આંતરરાષ્ટ્રીય અંદાજો તો આના કરતાં પણ વધારે છે.

### વરસાદની પેટર્નમાં ફેરફાર

બનાસકાંઠાના ઘણા ખેડૂતો પાણીની અછત માટે હવામાન પરિવર્તનને જવાબદાર ગણે છે. ઉષાબેન ચૌધરીએ જણાવ્યું હતું કે, "જ્યારે અમે મોટા થઈ રહ્યા હતા ત્યારે વરસાદ વધુ પડતો હતો. હવે, તે અનિયમિત બની ગયું છે, અમે ૨૦૧૭થી અહીં યોગ્ય પ્રમાણમાં વરસાદ જોયો નથી." આ વિસ્તારના અન્ય ઘણા ખેડૂતો જેમની સાથે મેં વાત કરી હતી તેમણે વરસાદની પેટર્ન અણધારી બની રહી હોવાની વાત કરી હતી. થાવરમાં રમેશભાઈ ચૌધરીએ ફરિયાદ કરી કે છેલ્લા કેટલાક વર્ષો ખાસ કરીને અઘરા હતા. તેમણે કહ્યું, "વરસાદ લગભગ બંધ થઈ ગયો હોય તેવું લાગે છે." સ્વાભાવિક રીતે, બનાસકાંઠા અને મહેસાણાના પાણીના અભાવવાળા ગામોમાં ચૂંટણી પહેલા પાણી મુખ્ય ચર્ચાનો મુદ્દો બની ગયો છે.

### પાણી માટે મત આપો

દાખલા તરીકે રમેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે તેમનો મત માત્ર અને માત્ર તેને જ અપાશે જે નર્મદા નદીનું પાણી ગામ સુધી નહેર દ્વારા લાવવામાં મદદરૂપ થશે તેમના મતે ભારતીય જનતા પાર્ટીને મત આપવાનો એકમાત્ર વિકલ્પ છે. તેમણે ખુલાસો કર્યો, ‘‘અમારી પાસે ૧૦ વર્ષથી કોંગ્રેસના ધારાસભ્ય છે. તેથી અમે સમજી ગયા છીએ કે અમે ભાજપના ઉમેદવારને ચૂંટીએ તો જ કેનાલ આવશે.’’ રમેશભાઈ ચૌધરીની દલીલ એ હકીકત પરથી ઊભી થઈ હતી કે તેઓ નિશ્ચિત હતા કે ભાજપ રાજ્યમાં સત્તામાં રહેશે, તેથી તેમના સ્થાનિક પ્રતિનિધિ એ જ પક્ષમાંથી હોય તો વધુ સારૂં સંકલન થાય. એવું લાગતું હતું કે લાગણીઓનું આ વિસ્તારમાં થોડું ઘણું ચલણ છે. પડોશી કોટડા ધાખામાં, જેસુંગ ચૌધરીના પુત્ર દિનેશ ચૌધરીની સમાન લાગણી હતી. તેમણે કહ્યું, "જો અહીં કોઈ પાણી અપાવી શકે છે, તો તે ભાજપ છે, કેનાલો અમારી એકદમ નજીક આવી ગઈ છે, જે અહીં પહોંચશે તે થોડા સમયની જ વાત છે."

### વિભાજિત વફાદારી

તેમ છતાં, ભાજપ માટે સમર્થન સર્વગ્રાહી નથી. ઘણા લોકો નિર્દેશ કરે છે કે ડેરી ખેડૂતોના શ્રેષ્ઠ દિવસો કોંગ્રેસના યુગના હતા. બનાસકાંઠાના ધાનેરા ગામના ડેરી ખેડૂત અને કોંગ્રેસના પ્રબળ સમર્થક હરનાથ ધુનિયાએ આક્ષેપ કર્યો હતો કે, "ભાજપ દ્વારા સહકારી સંસ્થાઓને હાઈજેક કરવામાં આવી છે અને પાર્ટી માટે રાજકીય પ્રવૃત્તિમાં નફાખોરી કરવામાં આવી રહી છે. તેઓ હવે માત્ર નામની સહકારી સંસ્થાઓ છે." ૨૦૧૮ની Scroll.in તપાસ સૂચવે છે કે રાજકીયકરણના આક્ષેપોમાં કેટલીક સત્યતા હોઈ શકે છે - ડેરી સહકારી સંસ્થાઓ હવે સંપૂર્ણપણે ભાજપ દ્વારા નિયંત્રિત છે જેણે ખેડૂતોના હિતોને અને ડેરી સહકારી સંસ્થાઓના નાણાંકીય સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડ્યું છે. ઉત્તર ગુજરાતના ઘણા ડેરી ખેડૂતો પણ ભાજપને જ દોષી ઠેરવે છે કે ઉચ્ચ ફુગાવાના કારણે ધંધાને જે નુકસાન પહોંચ્યું છે તેનો સામનો કરવા માટે કશું કર્યું નથી. મહેસાણાના ગુજરલા ગામમાં ડેરી ફાર્મ ધરાવતા પિયુષભાઈ ચૌધરીએ જણાવ્યું કે, "અમને જે પ્રકારની સુવિધાઓ મળવી જોઈએ તે મળતી નથી. આ સરકાર નરેન્દ્રભાઈ ચમોદી હેઠળ હતી તે હવે નથી, તેઓ અહંકારી બની ગયા છે." પિયુષભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે કોંગ્રેસનો ઢંઢેરો જેમાં રૂા.૩ લાખ સુધીની લોન માફી અને ૩૦૦ યુનિટ વીજળી મફત આપવાનું વચન આપવામાં આવ્યું છે તે તેમના જેવા ખેડૂતો માટે ‘‘આશાજનક’’ દેખાય છે. ખરેખર, ઘણા ખેડૂતોએ "હસ્તક્ષેપની તાત્કાલિક જરૂરિયાત" વિષે વાત કરી. બનાસકાંઠાના કુંભાસણ ગામના ખેડૂત દશરથભાઈ ચૌધરીએ જણાવ્યું કે, "જો કોઈ ધ્યાન નહીં આપે અને વસ્તુઓને સુધારશે નહીં, તો ડેરી ફાર્મિંગ પાંચ વર્ષમાં મરી જશે. ગુજરાતનો ડેરી ખેડૂત થાકી ગયો છે."

# જૂનાગઢ: કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો, ૨,૬૦,૭૬૦ના મુદામાલ સાથે એકની ધરપકડ



જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિતેજા વાસમશેટ્ટીના માર્ગદર્શન હેઠળ પ્રવર્તમાન સમયમાં વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબુદ કરવા અને આવી પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર ઘોસ બોલાવી દબોચી લઈ ગેરકાયદેસર પ્રવૃત્તિને સંપુર્ણપણે ડામી દેવા સુચના કરેલ હોય જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. જે.એચ. સિંધવ તથા પીએસઆઈ જે.જે.જઢવી તથા સ્ટાફના માણસો સતત પ્રયત્નાશીલ હોય, દરમ્યાન પીઆઈ જે.એચ.સિંધવનો ટેલીફોનીક બાતમી મળેલ તે અનુસંધાને પીએસઆઈ જે.જે.ગઢવી તથા હે.કો.પ્રકાશ ડાભી તથા દિપકભાઈ બડવાને સંયુકતમાં ખાનગી રાહે મળેલ બાતમીના આધારે જૂનાગઢ ગિરનાર દરવાજા ઢોરા ઉપર રહેતો રામ ઉર્ફે કાનો ઓડેદરા પોતાના હવાલાની ફોર વ્હીલ ગાડી નં.જીજે-૫-જેએન-૪૨૬૮ માં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો છુપાવી સાબલપુર ચોકડી તરફથી આવતો હોય જેનો મજેવડી દરવાજા પાસે ઉપરોકત કાર આવતા રોકી ચેક કરતા કારની પાછળના ભાગે આવેલ બમ્પર તથા સ્પેર વ્હીલના ભાગે એક ચોરખાનુ બનાવેલ હોય જે ચોરખાનામાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવતા તમામ મુદામાલ કબ્જે કરી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરેલ છે. પકડાયેલ આરોપી પાસેથી વિદેશી દારૂની બોટલ નંગ ૧૯૭ કિંમત રૂા.૪૦,૭૬૦, મોબાઈલ-૧ કિંમત રૂા.૨૦,૦૦૦, હોન્ડા ફોર વ્હીલ કાર કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂા.૨,૬૦,૭૬૦/-નો મુદામાલ જપ્ત કરેલ છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એચ. સિંધવ, પીએસઆઈ જે.જે. ગઢવી, એએસઆઈ વિજયભાઈ બડવા, નિકુલ પટેલ, હે.કો. પ્રકાશ ડાભી, જીતેષ મારૂ, પો.કો. દિપક બડવા, દિવ્યેશભાઈ ડાભી તથા પો.કો. જગદીશભાઈ ભાટુ, વરજાંગભાઈ બોરીચા વગેરે સ્ટાફ જોડાયેલ હતો.

## જૂનાગઢ કોર્ટનો ચૂકાદો...

# અકસ્માત વળતરના કેસમાં ગુજરનાર યુવાનના વારસોને રૂા.૧૩.૭૯ લાખ ચુકવવા આદેશ

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢની મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલે ગુજરનાર યુવાનના કેસમાં વારસદારોને રૂા.૧૩,૭૯,૫૨૨ ચુકવવા આદેશ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, તા.૧૧-૧૧-૨૦ના રોજ વડાલ ગામના સુનીલ જગજીવન વઘેરા વડાલના બસ સ્ટેન્ડ પાસેથી રોડ ક્રોસ કરી રહયા હતા ત્યારે જૂનાગઢ તરફથી આવતી કારના ચાલકે તેમને હડફેટે લેતા ગંભીર ઈજાઓ સબબ સુનીલ વઘેરાનું અવસાન થયેલ હતું. જેથી ગુજરનારના વારસદારોએ જૂનાગઢની ટ્રીબ્યુનલ કોર્ટમાં તા.૧-૪-૨૧ના રોજ વળતર અંગેનો કલેઈમ કેસ દાખલ કરેલ હતો જે કેસમાં વિમા કંપની દ્વારા ગુજરનારના લગ્ન થયેલ ન હોય અને કુવારા હતા અને તે સામાન્ય મજુરીનું કામકાજ કરતા હતા અને તેઓ સામાન્ય કમાણી કરતા હતા તેવી તકરાર લેવામાં આવી હતી. જયારે ગુજરનારના વાસરદારોના એડવોકેટ દ્વારા ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓ સાથે દલીલ તથા રજુઆત કરવામાં આવી હતી. જે નામદાર કોર્ટે ધ્યાને લઈ તા.૧૩-૯-૨૨ ના રોજ ગુજરનાર સુનીલ જગજીવન વઘેરાના વારસદારોને રૂા.૧૩,૭૯,૫૨૨/- વ્યાજ સાથે ચુકવવા હુકમ કરેલ છે. આમ ફકત એક વર્ષ અને પાંચ મહિનાના ટુંકા ગાળામાં જ આ કલેઈમ કેસ ચાલી જતા ગુજરનારના વારસદારોને રાહત થયેલ હતી. આ કેસમાં ગુજરનાર સુનીલ વઘેરાના વારસદારો તરફે જૂનાગઢના એડવોકેટ કે.એલ. સાંચેલા રોકાયેલા હતા.

# માણાવદર વિધાનસભામાં કોંગ્રેસના વિજય સરઘસમાં ઐતિહાસિક માનવ મહેરામણ ઉમટી પડયો





માણાવદર તા. ૧૦

માણાવદર-૮૫ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસનો વિજય થતા ઠેર-ઠેર વિજયસરઘસ નીકળ્યા હતા જેમાં ગત મોડી રાત્રીના વિજય સરઘસ જૂનાગઢ રોડ ઉપરથી સિનેમા ચોકમાં પહોંચ્યું ત્યારે ૧૫ વર્ષમાં જોવા ન મળેલ હોય તેવી જનમેદની ઉમટી પડતા રસ્તાઓ ચકકાજામ થયા હતા. અનેક મોટરો, ટુ-વ્હીલના કાફલા તથા ચાલીને પણ સરઘસમાં સમગ્ર પંથકના સર્વે જ્ઞાતિજનો ઉમટી પડયા હતા. જેણે ઐતિહાસીક માનવ સુનામી કેમ હોય તેવું તેવો માહોલ જોવા મળ્યો હતો. શહેરની જનતાનો આવો ઉત્સાહ છેલ્લા ઘણા વર્ષોથી જોવા મળેલ ન હતો. આ વિજય સરઘસમાં સ્વયંભુ માનવ મહેરામણ ઉમટી પડયો હતો. ઠેર-ઠેર વિજેતા ઉમેદવાર અરવિંદભાઈ લાડાણી તથા તેમની ટીમના કાર્યકરોનું અભિવાદન હારતોરા તથા ફાટાકડા ફોડીને કરવામાં આવેલ હતું. આ પ્રસંગે અરવિંદભાઈ લાડાણીએ જણાવ્યું હતું કે, આ આમ જનતાની જીત છે લોકો ઉમળકા સાથે દિલ ખોલીને ઉમટી પડયા હતા જે માનવ સુનામીના દ્રશ્યો જ કહી રહયા હતા.

## રાજયમાં ભાજપનું સ્ટીમ રોલર ફરી વળ્યું

# ભાજપ હિંદુત્વ નહીં મોદીત્વથી ચૂંટણી જીત્યું હોવાની ચર્ચા

### ભાજપ સામે મોંઘવારી, પેપર ફુટવાની ઘટના, મોરબી દુર્ઘટના, જુની પેન્શન યોજના સહિતના મુદ્દા ન નડ્યા

અમદાવાદ તા. ૧૦

૨૦૨૨ ગુજરાત વિધાનસભાની ચુંટણીમા ભાજપ સામે મોટા પડકાર છતાં પરિણામમાં ભાજપને ૧૫૬ બેઠક મળવા સાથે ભાજપનું સ્ટીમ રોલર ફરી વળ્યું છે. ભાજપે ૬૦ વર્ષના રેકર્ડમાં માધવસિંહ સોલંકીનો રેકર્ડ તોડ્યો છે. આ ચુંટણીમા મત મોદીને મળતાં ભાજપનો જય ઘોષ થયો છે અને કોંગ્રેસનો કચ્ચરઘાણ થઈ ગયો છે. ભાજપ સામે અનેક મુદ્દા હોવા છતાં મોદીના કારણે ભાજપને જવલંત વિજય મળ્યો છે. અત્યાર સુધી ભાજપ હિન્દુત્વના નામે વિજય મેળવતું હતું પરંતુ આ વિજય બાદ ગુજરાતના રાજકારણમાં અને ખાસ કરીને મતદારોમાં નવો શબ્દ ચર્ચામાં આવ્યો છે તે છે મોદીત્વ, મોદીના નામે જ ભાજપના નબળા અને વિરોધ હોવા છતાં ઉમેદવારો જીત્યા તેથી હિન્દુત્વ બાદ મોદીત્વથી ચુંટણી જીતી શકાય છે તેવી ચર્ચા જોરોશોરમાં થઈ રહી છે. ૨૦૨૨ ગુજરાત વિધાનસભાની ચુંટણી પહેલાં ભાજપ સામો મોંઘવારી, પેપર ફુટવાની ઘટના, મોરબી દુર્ઘટના, જુની પેન્શન યોજના, રિમોર્ટ કંટ્રોલથી ચાલતી સરકાર સાથે ૨૭ વર્ષથી ચાલતી સરકાર સામે એન્ટી ઈક્રમબન્સી સૌથી મોટો પડકાર હતા. આ ચુંટણી પહેલાં ભાજપે અનેક પાસા ગોઠવ્યા પરંતુ ચુંટણીની તારીખ નજીક આવતી ગઈ તેમ ભાજપના મોટા ભાગના પાસા નબળા સાબિત થતાં જોવા મળ્યા હતા. ભાજપ માટે એવી સ્થિતિ આવીને ઉભી રહી ગઈ હતી કે કેટલાક નેતાઓ કેટલાક વિસ્તારમાં પ્રચાર માટે પણ જઈ શકતાં ન હતા.

સુરત સહિત ભાજપના અનેક ઉમેદવારો સામે ભાજપમાં જ ભારે વિરોધ અને લોકોમાં પણ વિરોધ હોવાના કારણે ભાજપ સુરતમા પણ કેટલીક બેઠક ગુમાવે તેવું કહેવાતું હતું. જોકે, ચુંટણી પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સુરત સહિત ગુજરાતના પ્રવાસે આખી બાજી પલ્ટી નાંખી હતી. વડાપ્રધાન મોદીએ ઉમેદવારના નામે નહીં પરંતુ પોતાના નામે મત માગવાની અપીલ લોકો માટે અસરકારક સાબિત થઈ ગઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાના કારણે લોકો ઉમેદવારો સામેનો રોષ ભુલી ગયાં હતા અને મોદીના નામે મત આપી દેતાં ભાજપને ક્લીન સ્વીપ મળી હતી. જે પાટીદાર બેઠક પર ભારે રસાકસી થશે તેવી ગણતરી થતી હતી તે બેઠકો ભાજપ ઘણી જ સરળતાથી કોઈ પણ મોટી સ્પર્ધા વિના જીતી ગઈ હતી. ભાજપ સામે સૌથી મોટો પ્રશ્ન બળવાખોર ઉમેદરાવ અને નારાજ નેતાઓનો હતો પરંતુ મોદી મેજીક સામે આ લોકો પણ કંઈ ઉકાળી શક્યા નથી.

પહેલાં ભાજપ હિન્દુત્વના નામે ચુંટણી જીતી જતું હતું પરંતુ જે રીતે સુરત સહિત ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક સભાઓ કરીને ગુજરાત ધમરોળ્યું અને પોતાના નામે મત માગ્યા અને લોકોએ મોદીની અપીલ માની ભાજપને જીતાડતા હવે ભાજપ હિન્દુત્વ સાથે સાથે મોદીત્વથી પણ ચુંટણી જીતી રહ્યું છે તેવી લોકોમાં ચર્ચા થઈ રહી છે. આવી સ્થિતિના કારણે ૨૦૨૨ની ચુંટણી બાદ રાજકારણની ડાયરીમાં ચુંટણી જીતવા માટે હિન્દુત્વ સાથે મોદીત્વ શબ્દો ઉમેરાયો છે તેવું મતદારો કહી રહ્યાં છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડાની ટિપ્પણી

# લોકો ભારતમાં વિવિધતામાં એકતામાં રહેવા માગે છે

### દરેક ભારતીયોને પોતાના ધર્મ અને ભાષા ઉપર ગર્વ હોવો જોઈએ પરંતુ ભારતીયોએ એક થવું જોઈએ : ભાગવત

નાગપુર, તા. ૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે ગુરૂવારના રોજ કહ્યું હતું કે તે દરેક વ્યક્તિ હિન્દુ છે ભારતને પોતાનું માને છે અને પ્રતિકૂળ સંજોગોમાં તેનો સ્વીકાર કરે છે. તેમણે કહ્યું હતું કે એક વ્યક્તિ, ભલે તે કોઈ પણ ભાષા બોલતો હોય અથવા કોઈ પણ ધર્મનું પાલન ધર્મું પાલન કરતો હોય કે તેનાથી વિપરિત તે નાસ્તિક જ કેમ ન હોય પરંતુ દેશને પોતાનો માને છે તે હિન્દુ છે. પોતાના સંબોધનમાં તેમણે આ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે ભારતમાં લોકો વિવિધતામાં એકતાની સંસકૃતિમાં રહેવા માંગે છે અને આ દિશામાં પ્રયત્નો પણ કરે છે.

તેમણે કહ્યું હતું કે દરેક ભારતીયોને પોતાના ધર્મ અને ભાષા પર ગર્વ હોવો જોઈએ પરંતુ ભારતીયોએ એક થવું જોઈએ અને ભારતને પ્રથમ સ્થાન આપવું જોઈએ. તેમણે કહ્યું હતું કે 'દેશ પ્રથમ આવે છે. અમે આરએસએસના સ્વયંસેવકોને આ જ શીખવાડીએ છીએ.'

ભારતના જી૨૦ અધ્યક્ષતાપદના વખાણ કરતા મોહન ભાગવતે કહ્યું હતું કે, સમગ્ર દુનિયા ઉજ્જવળ ભવિષ્ય માટે ભારત તરફ જોઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, 'આપણે આખી દુનિયાને એકજૂથ કરવા માટે ખૂબ જ દૂર સુધી જવાનું છે. દુનિયાએ અનુભવ્યુ છે કે માત્ર ભારત જ એક સારી દુનિયાનો માર્ગપ્રશસ્ત કરી શકે છે.' આરએસએસ હેડક્વાર્ટર ખાસે 'સંઘ શિક્ષા વર્ગ' અથવા ત્રીજા વર્ષના અધિકારીઓની તાલીમ શિબિરના સમાપન સમારોહમાં બોલતા, તેમણે કહ્યું, 'વિશ્વને હવે ભારતની જરૂર છે. ભારતનું નામ વૈશ્વિક ચર્ચામાં છે અને ભારતીયોને પણ વિશ્વાસ છે કે તેઓ દુનિયાનું નેતૃત્વ કરી શકે છે.' તેમણે કહ્યું હતું કે, 'ભારત માટે જી૨૦નું પ્રમુખપદ મેળવવું એ સામાન્ય બાબત નથી. આ તો માત્ર શરૂઆત છે અને આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે અને સમગ્ર સમાજે ભારતને 'વિશ્વ ગુરુ' બનાવવાની દિશામાં કામ કરવાનું છે.'

## સંસદને કાયદો બનાવવાનો હક છે, તો અમને સમીક્ષાનો : સુપ્રીમકોર્ટ

# સુપ્રીમ કોર્ટ કોલેજિયમ સિસ્ટમ મુદ્દે કેન્દ્ર સરકારને આકરી ભાષામાં ફટકાર લગાવી

નવીદિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટે કોલેજિયમ સિસ્ટમ મુદ્દે કેન્દ્ર સરકારને આકરી ભાષામાં ફટકાર લગાવી છે. જસ્ટિસ સંજય કિશનકૌલની અધ્યક્ષતા ધરાવતી બેન્ચે ગુરુવારે કોલેજિયમ અંગેની અરજીની સુનાવણીમાં કહ્યું કે, સંસદને કાયદો બનાવવાનો હક છે, તો સુપ્રીમ કોર્ટને પણ કાયદાની સમીક્ષા (સ્ક્રૂટિની) કરવાનો હક છે. ઉચ્ચ બંધારણીય હોદ્દા પર બેઠેલા લોકો દ્વારા કોલેજિયમ સિસ્ટમની ટીકા કરવી અયોગ્ય છે. કેટલાક લોકોના વિરોધથી તે સિસ્ટમ ખતમ નહીં થાય. બેન્ચે એટર્ની જનરલ વેંકટરમણિને કહ્યું કે, તમે સરકારને જણાવો કે કોલેજિયમ સિસ્ટમ દેશનો કાયદો છે અને તેનું પાલન થવું જોઈએ. કાલે તેઓ કહેશે કે, પાયાનું માળખું પણ બંધારણનો ભાગ નથી, તો શું તેને પણ હટાવી દેશો? બીજી તરફ, ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાજયસભામાં પોતાના પહેલા સંબોધનમાં નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી)નો મુદ્દો ઉઠાવ્યો હતો. ધનખડે કહ્યું હતું કે, ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા એનજેએસીને ફગાવી દીધો હતો, જે જનાદેશનું અપમાન કરનારું પગલું હતું. જનાદેશના સંરક્ષક લોકસભા અને રાજયસભાએ એનજેએસી પસાર કર્યો હતો. અગાઉ કાયદા મંત્રી કિરેન રિજીજુએ પણ કોલેજિયમ સિસ્ટમને જનવિરોધી ગણાવીને ટીકા કરી હતી. તેઓ અનેકવાર જાહેરમાં એનજેએસીનું સમર્થન કરી ચૂક્યા છે. જસ્ટિસ કૌલ: સમાજનો એક વર્ગ સંસદે બનાવેલા અમુક કાયદા સાથે સંમત નથી. શું કોર્ટ તેના આધારે તે કાયદા પણ રદ કરી દેવા જોઈએ? એટર્ની જનરલ વેંકટરમણિ: કોર્ટે પાછલી સુનાવણીના નિર્દેશોની સરકારને જાણકારી આપી છે. હવે ઝડપથી વિવાદિત મુદ્દા ઉકેલાઇ જશે. જસ્ટિસ કૌલ: આ અંતહીન લડાઇની જેમ ના ચાલી શકે. આ મામલાનો ઝડપી ઉકેલ લાવો. હજુ સુપ્રીમ કોર્ટે અવમાનનાની નોટિસ જારી નથી કરી. જસ્ટિસ કૌલ: કોલેજિયમ તરફથી મોકલેલા નામોમાં સરકાર તરફથી મોડું કરવું અયોગ્ય છે. નામો અટકાવવાથી સમગ્ર સિસ્ટમમાં ખલેલ પડે છે. વરિષ્ઠ વકીલ વિકાસ સિંહ: બંધારણીય હોદ્દા પર બેઠેલા લોકો સુપ્રીમ કોર્ટના ન્યાયિક પુનરાવલોકનના અધિકારને પડકારે તે અયોગ્ય છે. જસ્ટિસ વિક્રમ નાથ: સુપ્રીમ કોર્ટ કોલેજિયમ વિશે અયોગ્ય ટિપ્પણીઓ ના કરવી જોઈએ. એજી સરકારને આ પ્રકારના નિવેદનો રોકવા અંગે કહે. તૃણમૂલ સાંસદ સૌગત રાયે ગુરુવારે લોકસભામાં કહ્યું કે, કોલેજિયમ સિસ્ટમ કેન્દ્ર સરકારના અન્યાય વિરુદ્ધ મોટી ગેરંટી છે. સરકાર ન્યાયપાલિકા સહિત દરેક સ્થળે સત્તા હડપવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર કોલેજિયમ સિસ્ટમ ખતમ કરવા ઉચ્ચ હોદ્દે બેઠેલાનો ઉપયોગ કરી રહી છે. કાયદા મંત્રી કિરેન રિજીજુએ રાજયસભામાં આપેલા લેખિત જવાબમાં કહ્યું કે, હાલ એનજેએસીને ફરી શરૂ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. હાલ સરકાર પાસે સુપ્રીમ કોર્ટમાં નિયુક્તિનો એક અને હાઈકોર્ટના આઠ પ્રસ્તાવ પેન્ડિંગ છે.

## કોરોનાએ મેલેરિયાને નિયંત્રણના પ્રયાસો વિક્ષેપિત કર્યા

# બે વર્ષમાં વિશ્વમાં મેલેરિયાથી વધારાના ૬૩૦૦૦નાં મોત

### ૨૦૨૧માં ધીમી ગતિ એ વધ્યો, ગયા વર્ષે, વિશ્વના ૨૪.૭ કરોડ મેલેરિયા સંક્રમણો અને ૬૧૯,૦૦૦ મૃત્યુના કેસ

નવી દિલ્હી, તા. ૧૦

વર્લ્ડહેલ્થ ઓર્ગેનાઈઝેશનના અહેવાલ મુજબ, કોરોના વાયરસ રોગચાળાએ મેલેરિયાને નિયંત્રિત કરવાના પ્રયત્નોને વિક્ષેપિત કર્યા છે, જેના પરિણામે બે વર્ષમાં વધારાના ૬૩,૦૦૦ મૃત્યુ થયા છે અને ૧.૩ કરોડથી વધુ લોકો વૈશ્વિક સ્તરે સંક્રમિત થયા છે. યુએન આરોગ્ય એજન્સીએ જણાવ્યું હતું કે ૨૦૨૦ માં રોગના કેસમાં વધારો થયો હતો અને ૨૦૨૧માં ધીમી ગતિ એ વધી રહ્યો હતો. ગયા વર્ષે, વિશ્વના ૨૪.૭ કરોડ મેલેરિયા સંક્રમણો અને ૬૧૯,૦૦૦ મૃત્યુના કેસમાં લગભગ ૯૫ ટકા આફ્રિકામાંથી હતા.

આવતા વર્ષે વિશ્વની પ્રથમ મંજૂર કરાયેલી મલેરિયા વિરોધી રસીનું વ્યાપક રસીકરણ ગંભીર બીમારીઓ અને મૃત્યુની સંખ્યામાં ઘટાડો કરવામાં "નોંધપાત્ર રીતે મદદ કરશે" જો પૂરતા પ્રમાણમાં બાળકોને રસી આપવામાં આવે. તેમણે કહ્યું કે ૨૦ થી વધુ દેશોએ રસી માટે અરજી કરી છે. આ રસી માત્ર ૩૦ ટકા અસરકારક છે અને તેને ચાર ડોઝની જરૂર છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાહુલ ગાંધીથી ડરે છે : કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી

નવીદિલ્હી,તા. ૧૦

બે રાજય અને છ વિધાનસભા પેટાચૂંટણીના પરિણામોના એક દિવસ બાદ લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે હવે મોદી મેજિકનો અંત આવી રહ્યો છે. અધીર રંજને કહ્યું કે ચીની સેનાએ લદ્દાખમાં ઘૂસણખોરી કરી અને રહેવાની સુવિધા સાથે ૨૦૦થી વધુ આશ્રયસ્થાનો બનાવ્યા. હવે આપણી સેનાને દૂરના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવાની મંજૂરી નથી. જો આવું જ ચાલુ રહ્યું તો સિયાચીન ગ્લેશિયરમાં સ્થિતિ તંગ બની શકે છે. તે જરૂરી છે કે સરકાર G20 નો ઉલ્લેખ કરવાને બદલે ભારત-ચીન મુદ્દા પર સંસદમાં ચર્ચા કરે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ વધુમાં કહ્યું કે મોદીજીએ આ ચૂંટણીમાંથી બોધપાઠ લેવો જોઈએ, મોદીજીનો જાદુ ખતમ થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે તેઓ ત્રણ ચૂંટણી લડ્યા અને એકમાં જીત્યા. તેઓ ગુજરાતમાં ઘરે ઘરે ગયા, આટલા પ્રગતિશીલ હોવા છતાં તેઓ ઘરે ઘરે કેમ ગયા? સાંપ્રદાયિક ધ્રુવીકરણ કરવું પડ્યું. મોદીજીનો જાદુ તેમના પરથી દૂર થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે અગ્નિવીરને આ રીતે બતાવવામાં આવ્યા, તો હવે હિમાચલમાં શું થયું? ૨૦૨૪માં રાહુલજી સાથે મુકાબલો થશે. મોદીજી ઈચ્છે છે કે તેઓ ભારતમાં ગુરુ બને, બાકી બધાએ શિષ્ય બનવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે મોદીજી રાહુલ ગાંધીથી ડરે છે. કારણ કે જો કોઈ માથું ઊંચું કરીને વાત કરે છે તો તે આપણા નેતા રાહુલ ગાંધી છે. ઉલ્લેખનીય છે કે હિમાચલ વિધાનસભામાં કોંગ્રેસ સામે ભાજપને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. જ્યારે પેટાચૂંટણીમાં પણ હારનો સામનો કરવો પડ્યો છે. જો કે, ભાજપે જ્યાં મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ગૃહ રાજ્યમાં 'ઐતિહાસિક' જીત સાથે નવો રેકોર્ડ બનાવ્યો છે. ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાના ગૃહ રાજ્ય હિમાચલ પ્રદેશમાં નજીકથી લડાઈ બાદ કોંગ્રેસ સામે હારી ગઈ અને પહાડી રાજ્યમાં વૈકલ્પિક રીતે શાસન કરવાની લગભગ ચાર દાયકાથી લાંબી પરંપરાને જાળવી રાખતા કોંગ્રેસ અને ભાજપને વારાફરથી શાસન કરવાનો મોકો મળી રહ્યો છે. કોંગ્રેસના નેતાઓએ હિમાચલ પ્રદેશમાં જીતનો શ્રેય તેના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાને આપ્યો. પાર્ટીની આ જીત તેમનું મનોબળ વધારનાર છે. ગુજરાતમાં મોદીની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો થયો ન હતો અને તેમણે તેમના ગૃહ રાજ્યમાં ૩૧ ચૂંટણી રેલીઓને સંબોધીને તેમની પાર્ટી માટે ખૂબ પ્રચાર કર્યો હતો. રાજ્યમાં ત્રણ-ચતુર્થાંશથી વધુ બહુમતી મેળવીને ભાજપે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ભાજપની આંધીમાં કોંગ્રેસ રાજ્યમાં તેના સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ છે અને ઉંચા દાવા કરનાર આમ આદમી પાર્ટી (આપ) તેને કોઈ ટક્કર આપી શકી નથી. ભાજપના ગુજરાતના પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, રાજ્યમાં પાર્ટીના ૬૦ વર્ષીય મૃદુ-ભાષી ચહેરા ભૂપેન્દ્ર પટેલ મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રહેશે અને તેમનો શપથ ગ્રહણ સમારોહ ૧૨ ડિસેમ્બરે યોજાશે.

# જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનાં કાર્યાલયનો થયેલ શુભારંભ

## જૂનાગઢ અને મત વિસ્તારનાં લોકોનાં પ્રાણ પ્રશ્નોને ઉકેલની ગતી આપવા તેમજ પ્રાથમિક જરૂરિયાત અને વિકાસનાં વિઝનને વહેલી તકે પૂર્ણ કરવા કટીબધ્ધતા વ્યકત કરી











(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ વિધાનસભા મતક્ષેત્રમાં જંગ બહુમતીથી વિજેતા બનેલા નવનિયુકત ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ અને અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. તો બીજી તરફ તેઓએ ચૂંટણી પહેલા જ વચન આપ્યું હતું કે, ધારાસભ્ય તરીકે ચૂંટાય આવતાની સાથે જ બીજા જ દિવસથી કાર્યાલય શરૂ કરી દેવામાં આવશે આ વચનને પાળી બતાવ્યો છે. ગઈકાલે ઝાંઝરડા રોડ વિસ્તારમાં જનકપુરી કોમ્પલેક્ષ ખાતે પરિવાર અને સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યાલયનો શુભારંભ કર્યો હતો. ધારાસભ્ય પદની કામગીરી સંભાળતાની સાથે જ સંજયભાઈ કોરડીયાએ જૂનાગઢમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંગીન બને તેમજ જૂનાગઢમાંથી અસામાજીક પ્રવૃતિને દુર કરવા કડક કાર્યવાહી કરવામાં આવશે તેવો નિર્દેશ આપ્યો હતો અને કોઈપણ સંજોગોમાં ગેરકાનુની પ્રવૃતિ ચલાવી લેવામાં નહી આવે અને આ સંદર્ભે લોકોએ પણ જાગૃતતા બતાવી અને કોઈપણ વિસ્તારમાંથી લુખ્ખાગીરી, દાદાગીરી, રોમીયોગીરી જેવી કોઈપણ ફરિયાદો હોય તો પ્રથમ પોલીસનો અને બાદમાં તેમનો સંપર્ક કરવા જણાવાયું છે. આ પ્રવૃતિ કરનાર કોઈપણ હોય તેની સામે કડક કાર્યવાહી થશે અને ભલામણ માટે કોઈ અપેક્ષા નહી રાખવા પણ જણાવ્યું હતું. જૂનાગઢ મત વિસ્તારનાં લોકો માટે પોતાનાં કાર્યાલયનાં દરવાજા હરહંમેશ માટે ખુલ્લા રહેશે અને લોકોની દાદફરિયાદ સાંભળી અને તેમનો નિકાલ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંતર્ગત જૂનાગઢ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પૈકી જૂનાગઢની બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવાર તરીકે સંજયભાઈ કોરડીયાએ ઉમેદવારી નોંધાવી હતી. ચૂંટણી પ્રચાર દરમ્યાન જૂનાગઢ અને તાલુકાનાં વિકાસ માટે ભાજપ દ્વારા પણ મેનીફેસ્ટો જાહેર કરવામાં આવેલ હતો. તેમજ ચૂંટણી યોજાઈ તે પહેલા એક પત્રકાર પરિષદમાં મેનીફેસ્ટો જાહેર કરવામાં આવ્યો હતો જેમાં ધારાસભ્ય તરીકે કરવાનાં કામો અંગે તેમજ સંજયભાઈ કોરડીયા દ્વારા જૂનાગઢ શહેર અને જીલ્લાનાં પ્રાથમિક જરૂરિયાતનાં પ્રશ્નો, વિકાસનાં પ્રશ્નો તેમજ જૂનાગઢ માટે શું થઈ શકે તે અંગેનું એક વિઝન દર્શાવવામાં આવ્યું હતું અને તે પ્રમાણે જૂનાગઢ શહેર અને જીલ્લાનાં લોકોનાં પ્રાથમિક જરૂરિયાતનાં પ્રશ્નોને ઉકેલવા વચન આપ્યું હતું. ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ બીજા દિવસથી સંજયભાઈ કોરડીયાનાં કાર્યાલયનો ગઈકાલથી શુભારંભ થયો છે. ત્યાર પહેલા ભવનાથ ખાતે બિરાજતા ભવનાથ મહાદેવનાં દર્શન કરી શુભકાર્યની શરૂઆત તેઓએ કરી દીધી છે. ગઈકાલે કાર્યાલયનાં ઉદઘાટન પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ પુનીતભાઈ શર્મા, ભાજપ અગ્રણી અને વિધાનસભા બેઠકનાં ઈન્ચાર્જ પ્રદિપભાઈ ખીમાણી, મહાનગરપાલિકાનાં મેયર ગીતાબેન પરમાર તેમજ પરિવારનાં સભ્યો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વંથલી : દેશી હાથ બનાવટનો તમંચો અને કાર્ટીસ સાથે ૧ ઝડપાયો : બે સામે કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૦

વંથલી તાલુકાનાં ધંધુસર રવની રોડ ઉપરથી ગઈકાલે એસઓજી પોલીસે એક શખ્સને દેશી તમંચો તથા કાર્ટીસ સાથે ઝડપી લીધેલ છે અને બે સામે કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે એસઓજીનાં એએસઆઈ પુંજાભાઈ મેરખીભાઈએ જાતે ફરિયાદી બની સલીમ હબીબભાઈ સાંધ ગામેતી રહે.રવની તથા હાજર નહી મળી આવનાર રહીમ અંતુડી જુસાબભાઈ હિંગોરજા રહે.માણાવદર વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપી નં-૧નાંએ ગેરકાયદેસર આધાર પરવાના વગર દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ તથા જીવતા કાર્ટીસ નંગ-૨ આ કામનાં આરોપી નં-૨ પાસેથી મેળવી રેડ દરમ્યાન જાહેરમાંથી તમંચો નંગ-૧ કિંમત રૂા.૧૦ હજાર તથા જીવતા કાર્ટીસ નંગ-૨ જેની કિંમત રૂા.૨૦૦ અનો મોટરસાઈકલ મળી કુલ રૂા.૮૦,૨૦૦નો મુદામાલ ઝડપી લીધેલ છે. આરોપી નં-૧ ઝડપાય ગયો હતો જયારે આરોપી નં-૨ હાજર નહી મળી આવતા બંને સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવ ધંધુસર રવની રોડ ઉપર બનાવા પામ્યો હતો તેમ એસઓજીની યાદીમાં જણાવેલ છે. આ બનાવની વધુ તપાસ એસઓજી પોલીસ ચલાવી રહી છે.

## વિસાવદરનાં રાજપરા ગામે યુવતી ઉપર દુષ્કર્મ આચાર્યાની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૦

વિસાવદર તાલુકાનાં રાજપરા ગામે બનેલા એક બનાવમાં યુવતીની એકલતાનો લાભ લઈ અનો દુષ્કર્મ આચારવામાં આવ્યું હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે ભોગ બનનાર યુવતીએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, રાજપરા ગામનાં ગુલાબશા કાળુશા પઠાણ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીએ ફરિયાદી બહેનને છેલ્લા છ-સાત મહિનાથી શરીર સંબંધ રાખવા દબાણ કરતો હોય તેમજ ફરિયાદી તથા તેનાં ભાઈને મારી નાખવાની ધમકી આપતો હોય જેથી બીકનાં લીધે ફરિયાદીએ ઘરમાં કોઈને વાત કરેલ નાહી અને ફરિયાદી તેનાં તાબે થતા ન હોય દરમ્યાન ગઈકાલે ફરિયાદી બહેન એકલી હોય જેનો લાભ લઈ તેની સાથે બળજબરીથી અનો જબરજસ્તીથી આ કામનાં આરોપીએ દુષ્કર્મ આચારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ પીએસઆઈ આર.બી. ગઢવી ચલાવી રહ્યા છે.

## જૂનાગઢ તાલુકાનાં ઝાલણસર ગામે હુમલો : 3 સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૦

જૂનાગઢનાં જોષીપરા, આશીયાનાં સોસાયટી, બ્લોક નં-બી-૧માં રહેતા રાજશીભાઈ ઉકાભાઈ ડોડીયા (ઉ.વ.૬૧)એ જમનભાઈ કોયાણી, રાહુલભાઈ કોયાણી, આશીષ કોયાણી વિગેરે સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરિયાદી પેટ્રોલપંપ ઉપર હાજર હોય તે દરમ્યાન આ કામનાં આરોપીઓ પેટ્રોલ પંપ ઉપર આવી ગમેતેમ ગાળો બોલી ત્રણેય જણાયે ઢીકાપાટુનો માર મારી તથા આરોપી આશીષ પાસે લોખંડનાં પાઈપ વડે ફરિયાદીનાં વાસાનાં ભાગે તથા ડાબા પગમાં એક ઘા મારી તથા આરોપી રાહુલે ઝાડ કાપવાની કાતર વડે ફરિયાદીને માથામાં કપાડનાં ભાગે મારી લોહી કાઢી સારવાર દરમ્યાન ત્રણ ટાંકા લીધેલ જેવી ઈજાઓ કરી તથા જતા જતા આરોપીઓ કહેલ કે, પેટ્રોલ પંપ ઉપર આવીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા જૂનાગઢ તાલુકા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે અને વધુ તપાસ એએસઆઈ એસ.એમ. દીવરાણીયા ચલાવી રહ્યા છે.


## મહાગુજરાત વાલી મંડળનાં મહામંત્રી કિશોરભાઈ ચોટલીયા દ્વારા પ્રાથમિક શાળાનાં સમયમાં ફેરફાર કરવાની માંગ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૦

આ વર્ષે શિયાળાની મોડી શરૂઆત થઈ છે. શિયાળામાં રાત લાંબી અને દિવસ ટૂંકા હોય છે. સવાર વહેલી પડે અને તેમાં પણ હવે સવારનો ઠંડો પવન અને ઝાકળ ખૂબ હોય છે. તેથી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કૂલે જવા માટે તકલીફનો સામનો કરવો પડે છે. તેવી દરેક વાલીઓની ફરિયાદ છે, જેથી મહા ગુજરાત વાલી મંડળના મહામંત્રી કિશોરભાઈ ચોટલીયા દ્વારા પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારીને આવેદનપત્ર દ્વારા પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે સવારની શાળામાં સમયમાં ૩૦થી ૪૦ મિનિટ જેટલો મોડો સમય કરી અને તે સમયે બપોરના સમય વધારે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ જળવાઈ રહે અને અભ્યાસના કલાકો ઘટે નહીં તેવી વ્યવસ્થા કરવા દરેક શાળામાં પરિપત્ર મોકલી જાણ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

કિશોરભાઈ ચોટલીયાએ જણાવેલ છે, કે ઠંડીનો પ્રકોપ હવામાન ખાતા દ્વારા જણાવ્યા મુજબ હવે ખૂબ જ વધશે જેના કારણે બાળકોને શરદી, ખાંસી અને વાયરલ જેવી બીમારીઓ ન ફેલાય તે માટે પણ સવારના સમયમાં ફેરફાર કરવો જોઈએ તેવી વાલીઓની પણ માંગ વધી છે. અમદાવાદ તેમજ બીજા ઘણા શહેરોમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખી સવારના સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે, તો જૂનાગઢની શાળાઓમાં પણ ફેરફાર કરવા ખાસ અપીલ કરવામાં આવેલ છે.

## જૂનાગઢના લૂંટ પ્રકરણનો ફરાર આરોપી દ્વારકાથી ઝડપાયો ગુનો આચરીને દ્વારકામાં ભિક્ષાવૃત્તિ કરતો હતો



(કુંજન રાડિયા દ્વારા)
જામખંભાળિયા તા.૧૦

જૂનાગઢ ખાતે આજથી આશરે એક માસ પૂર્વે લૂંટનો એક બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો. જે પ્રકરણમાં આરોપી પોલીસના હાથ લાગ્યો ન હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા દ્વારકા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન જૂનાગઢ ખાતે થયેલી લૂંટના બનાવનો આરોપી એવો જુનાગઢના ડુંગરપુર વિસ્તારમાં રહેતો શબીરશાહ મહોબતશાહ રફાઈ નામનો શખ્સ દ્વારકામાં હોવાની ચોક્કસ બાતમી એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. અશોકભાઈ સવાણી તથા હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ કરમુરને મળતા દ્વારકામાં રહેતા અને ભિક્ષાવૃત્તિ કરતા ઉપરોક્ત શખસની પોલીસે અટકાયત કરી, આગવી ઢબે પૂછપરછ કરતા તેના દ્વારા જૂનાગઢ ખાતે આચરવામાં આવેલા લૂંટના ગુનાની કબુલાત તેણે કરી હતી. જેથી એસઓજી પોલીસે તેની સામે જરૂરી કાર્યવાહી કરી, વધુ પૂછપરછ અર્થે દ્વારકા પોલીસને સોંપ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયા, અશોકભાઈ સવાણી, જગદીશભાઈ કરમુર તથા જીવાભાઈ ગોજીયા દ્વારા કરવામાં આવી હતી.

## કોડીનાર તાલુકાના ડોળાસા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સરકારે આપેલી મફત દવાનો વિશાળ જથ્થો એકસપાયરી થયો

(નિરવ ગઢીયા દ્વારા)
ડોળાસા તા. ૧૦

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે છેલ્લા બે વર્ષથી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચાલુ છે. ગુજરાત સરકારે આ હોસ્પિટલ પાછળ સાડા ત્રણ કરોડનો ખર્ચ કર્યો છે. હોસ્પિટલ આધુનિક છે પણ સુવિધાના નામે મીંડું છે. જે બાબતની રજૂઆત કરવા ગામના આગેવાનો ગયા હતા. જયાં ઉપરનાં ભાગે તપાસ કરતા પાંચ રૂમમાં મુદત વિતી ગયેલી (એકસપાયારી) થયેલી દવાઓનો બહુજ મોટો જથ્થો મળી આવ્યો હતો. જે હોસ્પિટલનાં ઉપરનાં ભાગે આવેલ પાંચ રૂમમાં ભર્યો હતો. એનો મતલબ એ થયો કે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આવતા દર્દીઓને સરકારી યોજના મુજબ દવાઓ મફત આપવાની હતી તે આપવામાં આવી જ નથી. ડોળાસા ગામના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલીક અગત્યની સુવિધાઓ ઉપલબ્ધ નથી. તે સુવિધાઓ સરકારમાં રજૂઆત કરી આ સી.એચ.સી.માં અપાવવાનાં હેતુથી ડોળાસા ગામના માજી સરપંચ જેઠાભાઈ મોરી, પંચાયતના સદસ્ય કાદુભાઈ ડોડીયા અને કિશન સંઘનાં અગ્રણી વિજયભાઈ પરમાર તાજેતરમાં નિયુકત થયેલા ઈનચાર્જ મેડિકલ ઓફિસર પાસે ગયા હતા. જ્યાં તમામ રજૂઆતો બાદ હોસ્પિટલનાં ઉપરનાં ભાગે નિરીક્ષણ માટે ગયા હતા. ઉપરનાં ભાગે તપાસ કરતા અને નજરે જોતા સૌની આંખો પહોળી થઈ ગઈ. અહી પાંચ રૂમમાં દવાઓનો વિશાળ જથ્થો રાખવામાં આવ્યો હતો બારીકાઈથી તપાસ કરવામાં આવી તો જોવા મળ્યું કે આ તમામ દવાઓની મુદત વિતી ગઈ છે એટલે કે આ દવાઓની એક્સપાયરી મુદત વિતી ગઈ છે. એક અંદાજ પ્રમાણે એક કરોડ થી વધુ રકમની આ દવા હવે દર્દીને આપી શકાય તેમ નથી. ગુજરાત સરકારે માનવ કલ્યાણ અર્થે દર્દીઓને દવાખાનામાંથી જ કીમતી દવાઓ મફત મળી રહે તે માટે જરૂરિયાત મુજબની દવાઓ મોકલી હતી. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે તો ડોળાસાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આટલો વિશાળ જથ્થાનો ઉપયોગ કેમ ન થયો ? સરકારે આવડી મોટી હોસ્પિટલ બનાવી તો તેની દેખરેખ કોને સોંપી ? દેખરેખ કરનારની નજરમાં ઉપરનાં પાંચ રૂમ અને તેમાં પડેલી દવાઓ ધ્યાને ન આવી ? ડોળાસાનું સામૂહિક આરોગ્ય કેન્દ્ર બહારથી દેખાવમાં બહુ રૂપાળું લાગે છે પણ અંદરનાં ભાગે આવી ઘોર બેદકારીએ ઉચ્ચ અધિકારીઓની લાપરવાહી જોવા મળી છે. ડોળાસાનાં સમુહિક આરોગ્ય કેન્દ્રમાં દવાનો વિશાળ જથ્થો ગરીબ દર્દીઓનાં ઉપયોગનાં બદલે પડતર રાખવામાં આવ્યો તે ઘટના માત્ર કોડીનાર તાલુકા કે ગીર સોમનાથ જિલ્લામાંજ નહિ પણ પૂરા ગુજરાતભરમાં સનસનાટી મચાવી છે. જેની ઉચ્ચ કક્ષાએ તપાસ થવી જોઈએ એટલુજ નહિ ગુજરાતભરમાં આવી કેટલી સરકારી હોસ્પિટલો છે ? જે સરકાર દ્વારા આપવામાં આવતી મફત દવાઓનું દરીબ દર્દીઓને આપતી જ નથી . જેનો સર્વે હાથ ધરવામાં આવે અને જવાબદારો સામે ઉચ્ચ કક્ષાએ તપાસ હાથ ધરવામાં આવે તેવી ડોળાસા ગામના અગ્રણીઓએ માંગ કરી છે.

## જૂનાગઢ : જુગાર રમતા ૩ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૦

જૂનાગઢનાં દોલતપરા માર્કેટીંગ યાર્ડનાં રસ્તા ઉપરથી જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સોને રૂા.૧૨,૧૯૦ની રોકડ સાથે એ ડીવીઝન પોલીસે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## વિસાવદર : એસટી બસ ભેંસ સાથે અથડાતા ભેંસનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૦

વિસાવદર તાલુકાનાં લાલપુર ગામની હોથળીનેશ ખાતે રહેતા ભોળાભાઈ રામસીરભાઈ ભડા ગઢવી (ઉ.વ.૭૫)એ એસટી બસ નંબર જીજે-૧૮-ઝેડ-૩૫૬૯નાં ડ્રાઈવર નરેશ હેલૈયા સામે એવા મતલબની ફરિયાદ નોંધવી છે કે, આ કામનાં આરોપીએ પોતાનાં હવાલાની એસટી બસ પુર ઝડપે ચલાવી અને સાહેદ રાજાભાઈને ઈજા પહોંચાડી છે.

તેમજ બે ભેંસ સાથે બસ અથડાવી દેતા રૂા.૭૦ હજારની એક ભેંસનું મૃત્યું થયું છે. જયારે એક ભેંસને ઈજા પહોંચાડયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


શિવ... શિવ... શિવ...
॥ જય દ્વારકાધીશ ॥



પબુભા વિરમભા માણેક

દેવભૂમિ દ્વારકા જીલ્લાની ૮૨ - તાલુકા / કલ્યાણપુર વિધાનસભા બેઠક પર ભાજપનાં પબુભા વિરમભા માણેક સતત આઠમી વખત જંગી લીડથી વિજયી થતાં ખૂબ ખૂબ શુભેચ્છાઓ...



:: શુભેચ્છક ::
પરબતભાઈ
અરજણભાઈ લગારીયા (મામા)
ભાજપ અગ્રણી, દ્વારકા




શિવ... શિવ... શિવ...
॥ જય દ્વારકાધીશ ॥



પબુભા વિરમભા માણેક

દેવભૂમિ દ્વારકા જીલ્લાની ૮૨ - તાલુકા / કલ્યાણપુર વિધાનસભા બેઠક પર ભાજપનાં પબુભા વિરમભા માણેક સતત આઠમી વખત જંગી લીડથી વિજયી થતાં ખૂબ ખૂબ શુભેચ્છાઓ...



:: શુભેચ્છક ::
જયંતિભાઈ પ્રાણજીવનભાઈ પાબારી
શાકભાજીનાં હોલસેલ વેપારી
(એલ.આર.ગ્રુપ, શાકમાર્કેટ ચોક,
દેવભૂમિ દ્વારકા